५८३३

ॐ श्री १

બાળ ભૂષણ યાને બાળ શિક્ષક.

દોહરો

આ પુસ્તક નીતિતણું, બાળ ભૂષણ નિરધાર;
ગરજ ગુરૂની સારશે, વાંચી સમજો સાર.

રચી પ્રસિદ્ધ કરનાર
જોશી દેવજી વિ. મૂળજીભાઈ આર્યહિતચિંતક,
આસિસ્ટન્ટ માસ્તર, નારાયણસરોવર-કચ્છ.

નવી આવૃત્તિ-પ્રત ૧૦૦૦.

"આર્યન્" પ્રિન્ટિંગ પ્રેસ,
કરાચી-સિંધ.

વિક્રમ સંવત ૧૯૫૧. ઈ. સ. ૧૮૯૫.

કીંમત ત્રણ આના અથવા કચ્છી કોરી પોણી,
ટપાલ ખર્ચ માફ.

ये नाम केचिदिह नः प्रथयंत्य वज्ञाम्

जानंतु ते किमपि तान् प्रति नैष यत्नः॥

“જે કોઈ અમારી અવજ્ઞા કરતા હોય તેમણે સમજવું કે, અમારો આદરેલો પ્રયાસ તેમને માટે નથી.”

उत्प त्स्य ते चममकोऽपि समान धर्मा

कालोह्ययं निरवधिर्वि पुलाच पृथ्वी

“કાળ અનંત છે, અને પૃથ્વી વિશાળ છે; જેથી કોઈ મનુષ્ય મ્હારા વિચારને મળતો થશે, ને કોઈ મ્હારા કાર્યને આદર આપશે.”

આ ભવભૂતિની વિભૂતિ, દરેક નિંદાખોરોને ધારણ કરવા લાયક છે.

શ્રી ૧।

અર્પણ પત્રિકા.

તીર્થ સ્વરૂપ શિરો મુકુટ પરમ પુજ્ય,

પીતાજી શ્રી મૂળજીભાઈ ખટાઉની

પવીત્ર સેવામાં.

આપે સાંસારિક રીતિ તથા શાસ્ત્રાધાર મુજબ પુત્ર પ્રત્યે પિતાનો શો ધર્મ છે? તે સમજી આપના રંક તનુજને માણસાઈમાં આણવા માટે જે ફરજ બજાવી છે તે, તથા દરબારી ગુજરાતી શાળા (સ્કૂલ)માં વિદ્યાધ્યયન કરાવી મારા ઉપર પ્રીતિથી જે ઉપકાર કરેલ છે તેની યત્કિંચિત્ યાદગીરી માટે આ અલ્પ બુદ્ધિને અનુસારે મારા હાથથી લખાએલ નોટમાં આપનું પવીત્ર નામ જોડી ઉપકારનો બદલો વાળવા મારી પાસે કશું નથી એમ સમજી આ લઘુ પુસ્તક આપ પુજ્યશ્રીનેજ અર્પણ કરવા હું આજ્ઞાંકિત છોરૂ રજા લઉંછું તે પ્રેમ સહિત સ્વીકારશો.

લી૦ હુંછું,

આપનો સદાનો આજ્ઞાંકિત ચરણ રજ

છોરૂ દેવજીના સાષ્ટાંગ નમન માન્ય કરશો.

બાળ ભૂષણ યાને બાળ શિક્ષક.

અનુક્રમણિકા.

ઇતિ અનુક્રમણિકા.

પ્રસ્તાવના.

હિન્દવાસી ગુણજ્ઞ અને પરોપકારી પ્રજાના હસ્ત કમળમાં આ લઘુ પુસ્તક મૂકતાં, મને પરમાનંદ પ્રાપ્ત થાયછે. કચ્છ દરબારી નિશાળના એક શિક્ષક તરીકેના મારા અનુભવથી જણાયું છે કે, બાળક સ્કૂલોમાં બાળક રત્નોને લેખન, વાંચનની સાથે સંસારમાં મનુષ્ય જન્મ સાફલ્ય થવાના શું શું કર્ત્તવ્ય છે; તે સંબંધી સંગિન શિક્ષણ આપવા અદ્યાપિ પર્યંત જોઈએ તેવું કોઇ પુસ્તક રચાયું નથી, માટે એવું કોઈ પુસ્તક રચાય તો સારૂં. આ મારા બહુ દહાડાના વિચાર પ્રમાણે ઈશ્વર કૃપાએ હાલ એ કામ પરીપૂર્ણ થવાથી મને સંતોષ થયો છે. આ પુસ્તકને બાળકો તથા જુવાનોના ઉત્તમ સદ્ગુણ સમુદાયથી સણગાર્યું છે; માટે એને "વાળ ભૂષણ યાને વાળ શિક્ષક" એ નામ આપવા દુરસ્ત ધાર્યું છે.

હું જે યત્કિંચિત્ લખુંછું તે એક ગૂજરાતી લેખક તરીકે કે ગ્રંથકાર તરીકે કે લોકોમાં ખ્યાતિ પામવા સારૂ લખતો નથી, પણ મારાં સાંસારિક તથા વ્યવહારીક કામકાજ કરતાં મને જે અલ્પ અવકાશ મળેછે, તેનો બનતો સદ્પયોગ કરી ગુર્જર પ્રજાની સેવા તરીકેજ લખુંછું. આજ સુધીમાં મેં જે કંઈ લખ્યું છે અને હવે પછી જે કાંઇ ઈશ્વર કૃપાએ લખવાનું

બનશે તે એક મનુષ્ય જન્મના કર્ત્તવ્ય સાથ સરખાવતાં કાંઈજ નથી, એમ તો આ પ્રસંગે નમ્રપણે જણાવવા હું મારો ધર્મ સમજુંછું.

આ લઘુ પુસ્તક વિષે વિદ્વજ્જનોના અભિપ્રાય તથા સદ્‌ગૃહસ્થોના આશ્રય ઉપર સરત રાખી, આવાજ કોઈ લોકોપયોગી બીજા[1] પુસ્તકોનો આરંભ કરી તે સંપૂર્ણ રચી સુજ્ઞ જનોની સેવામાં મૂકવામાં આવશે.

સજ્જનો આ પુસ્તક રચવાનો મારો પ્રથમ પ્રયાસ છતાં મેં પુસ્તકને માટે કોઈ સદ્ ગૃહસ્થ પાસેથી ખાનગી મદદ માગી નથી માટે તેનો કુલ આધાર વાંચક વર્ગ ઉપર રહેલો છે, માટે આશારાખવામાં આવેછે કે ખચિત તેઓ મારા આરંભેલા કામને મદદ.કરી મને ઉત્તેજન આપશે.

આ મારા નાના પણ ઉત્સાહ ભરેલા કાર્યમાં મુરબ્બી વિદ્યાગુરૂ માસ્તર બાલાશંકર કાશીરામ (જેઓ સાહેબ હાલ આ ગામની જાગીરના કાર્યભારી છે.) તથા સ્કૂલ માસ્તર મગનલાલભાઈ હરગોવિંદ તથા મી. તુલસીદાસ વિ. જાદવજી લાખાણી (કરાચીવાળા) એઓએ મને જે કિંમતી મદદ કરેલી છે, તેને માટે હું તેમનો બહુ ઉપકાર માની ખુશી થાઉંછું.

---

૧ જુઓ મારા રચીત પુસ્તકોની ટીપ પાછળના ભાગપર છે તે.

કહેવત છે કે—"વાડ વિના વેલો ન સુધરે". આ વાત ખરીછે તેવીજ રીતે આ કામમાં તેમણે જો મને કંઈપણ જાતની મદદ ન કરી હોત તો હું ફતેહમંદ નીવડતે એવી આંશા નહોતી.

લી. કર્ત્તા

જોશી દેવજી વિ. મૂળજીભાઈ, આ.

મુ. નારાયણ સરોવર-કચ્છ.

તા. ૨૭-૩-૯૫.

સંવત ૧૯૫૧ના ચૈત્ર સુદી ૨ બુધ, શાકે ૧૮૧૭.

૫૯૩૩

બાળ ભૂષણ યાને બાળ શિક્ષક.

બાબત ૧લી.

રોજ કરવાના કામ વિષે.

૧—ગ્રંથારંભ દોહરા.

શીશ નમાવી ઈશને, નમું જોડી બે હાથ;
સહાય થજો આ ગ્રંથમાં, જગત નીયંતા નાથ. ૧
અલ્પ બુદ્ધિથી હું લખું, સાર ગ્રહો સજ્જન;
ભૂલ ચુક જો હોય તો, દોષ ન લાવો મન. ૨
લઘુ ગ્રંથ અર્પણ કરૂં, વાચક જનને હાથ;
હોંસ ધરીને દેવજી, જગત હીતને માટ. ૩

૨—દરરોજ પ્રાતઃકાળે (પરોઢીએ વહેલાં) ઉઠી ઝાડે ફરી આવવું, પછી દાતણ પાણી કરવું, અને ન્હાવું એટલું કરી રહ્યા પછી પોતાના ધર્મ પ્રમાણે પરમેશ્વરની પ્રાર્થના (સ્તુતિ, ભક્તિ વગેરે) કરવી.

૩—આજ જે કામ કરવાનાં તે અનુક્રમે કરવાં એટલે નિયનસર (નીમેલે વખતે એક પછી એક) કરતે જવાં, સાથે આદરવાં નહિ.

૪---રોજ કંઇ પણ નવું શીખવું; શીખ્યા વગર દિવસ ફોકટ જવા દેવો નહિ.

૫—દિવસે ઊંઘવું નહિ; કાંઈ પણ ઉદ્યોગ કરવો; દરેક વખતે જે કાંઈ કરવું તે વીચારીને કરવું.

૬—કોઈ પણ નવીન વિશેષ જાણવા લાયક હકીકત માલૂમ પડે તે લખી રાખવી ને તેવી જાતનો મહાવરો રાખવો.

૭--દિવસે કરવાનું કામ ધાર્યા પ્રમાણે પૂરૂં થયું છે કે નહિ, તેનો રાત્રે સૂતાં પેહેલાં પુખ્ત (પુરો) વિચાર કરવો.

૮---કરવા ધારેલું કામ કર્યા પેહેલાં અધૂરૂં મૂકવું નહિ.

૯—બીજે દિવસે કરવાના કામની નોંધ કર્યા પછી ઊંઘી જવું.

૧૦—ઊંઘતી વખતે વહેલાં ઉઠવાની ચિંતા રાખવી ને વેહેલાં ઉઠવું.

૧૧---વેહેલું ઉઠવા વિષે:

દોહરો

રાતે વેહેલા જે સુએ, વેહેલા ઉઠે વીર;
બળ બુદ્ધિ બહુ ધન વધે સુખમાં રહે શરીર. ૧

બાબત ૨જી.

ભોજન વિષે.

૧૨---જમવાનો વખત જરૂરના કામ વગર તજવો નહિ.

૧૩—ભૂખ તથા તરસનો અગત્યના (જરૂરના) કારણ વગર વખત ટાળવો નહિ.

૧૪—જમવું ત્યારે પેટમાં થોડી ભૂખ રાખવી.

૧૫—ભૂખ ન હોય તો કદી ખાવુંજ નહિ.

૧૬—ખાવા બેસીએ ત્યારે સારૂં સારૂં જોઇ વધારે ન ખાવું. કારણ તેમ કરવાથી તે પેટમાં પચી નહિ જતાં અપચો થઈને ઉલટી હેરાની થશે.

૧૭—જમતી વખતે બીજાને વધારે ખાવા સારૂ આગ્રહ કરવો નહિ.

૧૮—આપણે ત્યાં બ્હારનો પરોણો (મેમાન) આવ્યો હોય તે શરમને લીધે ખાતો નથી એમ સમજી તેને તેની શક્તિ ઉપરાંત ન ખવરાવવું કારણ મરજી ઉપરાંત ખવરાવ્યાથી તે દુ:ખી થશે માટે તે પોતાની ઈચ્છાનુસાર (મરજી મુજબ) જે ખાય તે તેને ખાવા દેવું.

૧૯—રાંધેલું અન્ન ખાવું તે તાજું ને સહેવાય તેવું ગરમ ખાવું.

૨૦—અનાજ બરોબર સીજવેલું (હરવા દીધેલું) ખાવું, અધું રાંધ્યું અર્ધું કાચું કદી ખાવું નહિ.

૨૧—જમી રહ્યા પછી ધીમે ધીમે (૧૦૦) સો ડગલાં હાલવું, ચાલવું કે જેથી ખાધેલું અન્ન હોજરીમાં બેસી જઇ અપચો ન થતાં પચી જશે ને શરીરની ખરાબી થશે નહિ.

૨૨—તરસ જો ન લાગી હોય તો પાણી પીવું નહિ.

૨૩—રાતે સૂતી વેળાએ થોડું પાણી પીને સૂવું.

૨૪—જમી રહ્યા બાદ કેટલાકના મત પ્રમાણે સૂવું નહિ; એમ કહેવાય છે, જેથી તેમ કરવું નહિ કદાચ તેમ કરવાની જરૂર પડે તો જમણે પડખે પડીને સૂવું. ડાબે પડખે સૂવું નહિ કારણ ડાબે પડખે સુવાથી હાની થાય છે.

૨૫—જમતી વખતે અવિશ્વાસુ કે અજાણ્યાના હાથથી કદી ખાવું નહિ.

૨૬—ભોજન જમવું તે પણ પેહેલાં પૂરી રીતે તપાસ્યા બાદ જમવું.

૨૭—કોઇ દુશ્મનને ત્યાંથી નોતરૂં આવ્યું હોય તો તે સ્વીકારવું નહિ તેમ બીજલસમાં પણ તેની સાથે મળવું નહિ.

૨૮—તેલવાળા પદાર્થો વધારે ખાવા નહિ.

૨૯—કોકમ, આમલી, લીંબુ, કાચી કેરી, વીગેરે ખટાશની ચીજો ખાવી નહિ.

૩૦—અણજાણ્યું ફળ ખાવું નહિં.

૩૧—ઘણો વખત રહેલું અનાજ ખાવું નહિ.

૩૨—રસ્તે ચાલતાં કંઈ ચીજ ખાવી નહિ.

૩૩—કાચાં તથા ખાટાં ફળ ખાવાં નહિ.

૩૪—જેણે કરીને શરીરને હાની થાય એવી કોઈ પણ ચીજ ખાવી નહિ.

૩૫—આપણે જ્યારે પરદેશ જવું પડે ને એકલા હોઈએ ત્યાં બીજા કોઈના હાથનું ખાવું નહિ પોતે પોતાના હાથથી રાંધી ખાવું જોઈએ.

૩૬—રાતે ઢાંકયા વગર રહી ગએલું વાસી પાણી કે અન્ન ખાવું તેમ પીવું નહિ.

૩૭—પાણી પીતી વખતે તપાસીને પીવું.

૩૮—પાણીનો લોટો મોઢે માંડીને પીવું નહિ પણ લોટામાંનું પાણી પ્યાલામાં લઈ જોઈ તપાસીને પીવું. પ્યાલામાં પાણી લેવાથી તેમાં કચરો હોય તો તે જણાઈ રહેછે.

૩૯—જમતી વખતે રીસ કરવી નહિ.

૪૦—રાંધેલું અન્ન અને પાકું થએલું ફળ એને તુર્ત ખાવું, વધારે વખત રાખ્યાથી તે બગડી જાય છે ને કદાચ જો તે કૃપણુ પણે (કંજુસાઈથી) ખાધામાં આવેછે તો તરત દરદ લાગુ પડેછે તેમાં શક નહિ. આ વાત અનુભવ સિદ્ધ છે.

બાબત ૩જી.

આરોગ્યતા જાળવવા બાબત
એટલે
શરીર નિરોગી કેવી રીતે રહે તે વિષે.

૪૧—શરીરને નિરોગી રાખવું તેમાંજ પોતાનું હિત રહેલું છે.

૪૨—શરીર નિરોગી રાખવા સારૂ દરરોજ ઠંડા પાણીથી ન્હાવું, (માંદા હોઈએ તો ગરમથી) ને શરીર ઉપરનો મેલ સાબુથી ધોઇ નાંખવો. એકાદ-બે લોટા શરીર પર રેડી પોતીઉં પલાળ્યું એટલે નહાયા એમ ન સમજવું પણ શરીરને ચોળી મસળી બહોળા પાણીથી નહાવું.

૪૩—સ્વચ્છ ને ધોએલાં કપડાં પેહેરવાં.

૪૪—દરરોજ તાજી હવા લેવા સારૂ સાંજ સવાર થોડો વખત મેળવી શેહેરથી બ્હાર ખૂલ્લી હવામાં જઇ આવવું.

૪૫—સારો ગુણકારી ખોરાક ખાવો તે આગલા દિવસનો રાંધેલો કે ઘણો વખત રહીને બગડી ગયેલો ન ખાવો પણ તાજો ને સહેતો ગરમ ખાવો.

૪૬—અંગ કસરત કરવી કે જેથી અવયવો રોજ કસાઈને સરખા થાય.

૪૭—શરીરને ઇજા થાય એવી મેહેનત વાળી મજુરી ન કરવી. તેમ કામ પણ પોતાના શરીરના બાંધાથી સહન થઇ શકે એટલું કરવું પણ વધારે કરવું નહિ.

૪૮—શરીર ઉપરનાં લૂગડાંને અઠવાડીઆમાં બે વખત ધોઈને સાફ કરી પેહેરવાં.

૪૯—ઓછામાં ઓછી દર અઠવાડીએ હજામત કરાવવી.

૫૦—વરસમાં ઓછામાં ઓછા બે વખત સુક્ષ્મ (હલકા) જુલાબ લેવા.

૫૧—ઘણા ધુમાડાવાળી જગ્યામાં બેસવું નહિ.

૫૨—હવા બંધ હોય એવી જગ્યામાં વધારે વખત વાસ (રહેઠાણુ) કરવો નહિ

૫૩—રાત્રે દશ વાગ્યા પછી બનતા સુધી જાગવું નહિ, અને સહવારે વહેલાં ઉઠવું. વહેલાં ઉઠવા વિષે દોહરો પે'લી બાબતની કલમ ૧૧ માં છે તે.

૫૪—મળ, મૂતર, હાજત થયે જલદીથી ત્યાગ કરવો કારણ કે તેને દબાવી રાખવાથી નુકસાન થાયછે.

૫૫—નિયમીત વખતે શરીરને આશાએશ (આરામ) આપવાનો રીવાજ રાખવો.

૫૬—દિવસે એકદમ ઘણો આરામ લેવો નહિ.

૫૭—શરીરને કોઇ પણ પ્રકારનું દરદ થયું હોય તો તેની દીલગીરી રાખવી નહિ, પણ જલદીથી ઓસડ લઇ તેને નિર્મૂળ કરવું.

૫૮—શરીરને દુઃખ થયું હોય, ત્યારે જાણીતા ને વૈદક વિદ્યામાં માહિતગાર, એવા ડૉકટર કે વૈદ્ય પાસેથી દવા લેવી.

૫૯—શરીર બગડયું હોય ત્યારે કદી પણ કુપથ્ય કરવું નહિ, એટલે કરી છોડવી નહિ.

૬૦—વૈદ્યે સૂચવ્યા પ્રમાણે દવા તેટલા પ્રમાણમાં ને કહેલે વખતે નિયમસર લેવી.

૬૧—તેણે સૂચવેલ અનાજ ખાવું; ને જે વસ્તુની મનાઇ કીધી હોય તે ન ખાવી. ને તેણે કહેલા વખત સુધી બરોબર ધ્યાન રાખી વર્ત્તવું.

૬૨—જે દવા લેવી તે પોતાના શરીરના બાંધાના પ્રમાણમાં લેવી.

૬૩—વૈદ્યે સૂચવ્યા પ્રમાણે તેનો ઉપયોગ કરવો ને તેના કહ્યા વિરૂદ્ધ વર્ત્તવું નહિ.

૬૪—શિયાળામાં ગરમ હુંફાળાં લૂગડાં પેહેરવાં.

૬૫—સરદીમાં વધારે વખત ન રેહેવું.

૬૬—રાત્રે ઘણું જાગવું નહિ.

૬૭—ગંદાઈ કયારે પણ ન રાખવી હમેશાં ચોખ્ખા રહેવું.

૬૮—શરીર ઉપરનો મેલ હંમેસ નહાતી વખતે સાબુથી કાઢી નાંખવો કારણ કે મેલ શરીર ઉપર હોવાથી શરીરમાંથી નીકળનાર પરસેવો મેલથી બ્હાર નીકળી શકતો નથી જેથી કોઇ પણ રોગ લાગુ પડેછે.

૬૯—નિત્યે સવારમાં બ્હારની ખુલ્લી હવા લીધાથી શરીરે તન્દુરસ્ત રહી સુખ શાંતિ ભોગવી શકાય છે.

૭૦—સવારની હવાનો ફાયદો શું? તે વિષેઃ-

દોહરો.

સવારના શુભ વાયુને, જે સેવે મતિમાન;
સુખ સંપતિ સર્વે મળે, થાય બુદ્ધિ બળવાન. ૧.

૭૧—જન કલ્યાણના સર્વ કામો શરીર આરોગ્ય હોય, તોજ બની શકેછે.

૭૨—નિરોગી રહેવાથી સર્વ કંઇ બનેછે તે વિષેઃ-

દોહરો.

ઘર ધંધો ઇશ્વર ભજન, જન ઉપયોગી કામ;
સદા નિરોગી હોય તો, નિર્મળ બને તમામ. ૧.

બાબત ૪થી.

વિદ્યાર્થી અવસ્થાના નિયમ
તથા
વિદ્યાગુરૂ સાથે વર્તવા વિષે.

૭૩—નિત્ય વહેલાં ઉઠી દાતણ પાણી કરી માબાપની આજ્ઞા લઈ શાળા[૧] (નિશાળ)માં ભણવા જવું.

---

૧ શાળા-એટલે ગુજરાતી નિશાળ કે અંગલો વરનાકયુલર કે સંસ્કૃત પણ થાયછે.

૭૪—નિશાળમાં જવું ત્યારે ખડીઓ, કલમ, કોપી, ચોપડીઓ. વિગેરે ભણવાની ચીજોમાંથી કંઇ પણ વીસરી જવું નહિ.

૭૫—વિદ્યા ભણતી વખતે વાતચીત કરવી નહિ, પણ એક ચિત્તે પોતાનો પાઠ કર્યા જવો.

૭૬—પોતાની સાથે ભણનારાઓ જોડે વ્હાલથી વર્તવું,

૭૭—નિશાળમાં પોતાની જગો બદલી બીજી જગ્યાએ કોઇ સાથે વાતો કરવા ઉઠવું નહિ.

૭૮—ભણવાના પાઠ રોજ બરોબર પાકા કરી પછી સૂવું.

૭૯—વગર રજાએ ગેરહાજર રહેવું નહિ, જરૂરનું કામ હોય ને મા-બાપ કહે ત્યારે ગુરૂજી (માસ્તર) પાસેથી રજા લઇ રહેવું.

૮૦—જ્યાંસુધી આપણે ભણતા હોઇએ ત્યાં સુધી બીજી કોઈ બાબતમાં મન લગાડવું નહિ.

૮૧—જે ભણવું તે બહુજ ધ્યાન રાખીને ભણવું. તેને પોતાના મનમાં બરાબર સમજી ગોખી રાખવું કે કદી ભુલાયજ નહિ.

૮૨—વિદ્યાગુરૂ (મેહેતાજી)એ કહેલા પાઠો ઘણીજ મેહેનત લઇને પાકા કરવા.

૮૩—ભણતી વખતે મનમાં એવું આણવું કે હું સૌ કરતાં ચઢીઆતો થાઉં. એમ વિચાર કરીને વિદ્યાભ્યાસમાં તત્પર રહેવું.

૮૪—હું સૌથી વધારે ભણ્યો છું એમ મનમા કદીજ અહંકાર કરવો નહિ, કારણ શેર ઉપર સવાશેર હોયછે.

૮૫—હું હવે ભણી રહ્યો, બાકી જાણવાનું હવે કંઈજ નથી, એમ સમજવું નહિ કેમકે દુનિયાંમાં હજી ઘણુંજ ભણવાનું છે માટે

અનેક યુક્તિએ નવું નવું શીખવાનું મન કરવું, ને જે શીખવા શરૂ કર્યું તે પૂરૂં થતાં સૂધી ઉલટ પૂર્વક મેહેનત ન લઇ પૂરૂં કરવું.

૮૬—જે આપણાથી વધારે જાણતો હોય તેની પાસેથી તે વધારાનું શીખવા તેની સાથે મિત્રાઇ કરવી. ને કાલાવાલા કરવા પડે તો તેમ પણ કરવું તેમાં શરમાવું નહિ.

૮૭—ઉપયોગી પુસ્તકો વાંચવા ને તેમાંથી જે સમજણવાળું હોય એવું સારાંશ ગ્રહણ કરવું.

૮૮—જે જે પુસ્તકો વાંચવા લાયક તેમ મન પસંદ જણાય તે ખરીદી વાંચવા અને ખરીદવાની શક્તિ ન હોય તો માગી વાંચવા, પણ તે માગેલ પુસ્તક બિગાડવું નહિ, કારણ નહિ તો બીજે વખતે કોઇ વાંચવા આપે નહિ, માટે તે બગડે નહિ એમ કાળજી રાખવી.

૮૯—ગુરૂની સાથે ઘણીજ નમ્રતાથી ચાલવું, તેમના કહ્યા પ્રમાણે વર્તવું, તેમની રજા લીધા વગર પોતાની ખરી જગા ઉપરથી ઊઠવું નહિ.

૯૦—ગુરૂ પાસે જૂઠું બોલી તેમને ઠગવું નહિ.

૯૧—કોઇની ચાડી ખાવી નહિ.

૯૨—વિદ્યાગુરૂને પોતાના પીતા તુલ્ય જાણવો.

૯૩—વિદ્યાગુરૂએ કરેલ અનહદ ઉપકારો કદી ભૂલવા નહિ.

૯૪—વિદ્યાગુરૂ કદી કડું વચન બોલી શીખામણ આપે તો મનમાં આંટ ન રાખી, તેણે આપણા ભલા ખાતર કહ્યુંછે એમ જાણવું.

૯૫—વિદ્યા ભણનારે (વિદ્યાર્થીઓ) બીજી નકામ બાબતોનો ઉદ્વેગ (વિચાર) છોડી ગુરૂની સેવામાં મન પરોવવું જેથી કલ્યાણ થાય.

૯૬—વિદ્યા ભણતા હોઈએ ત્યારે બીજે ઉદ્યોગ કરવા મનને ફોકટ દોડાવવું નહિ.

૯૭—હમેશ સુવિદ્યા સંપાદન (મેળવવા) કરવાનો વિચાર રાખવો.

૯૮—વિદ્યા તો ગમે તેવા પુરૂષ પાસેથી મેળવવી, નીચ માણસ પાસે સુવિદ્યા છે માટે તે કેમ મેળવાય એમ સમજવું નહિ, કારણ તેના પાસેથી મેળવેલી શુદ્ધ વિદ્યા તો ઉપજ (લાભકારી) નીવડેછે.

૯૯—દરેક વાતમાંથી ગુણ માત્ર લેવો.

૧૦૦—વિદ્યાર્થીને શીખ:-

ચોપાઈ.

ચાલો સૌ નિશાળે ભાઈ,
ખડીઓ, કલમ સાથે શાઇ;
પાના પોથી લ્યો સૌ સાથ;
સ્લેટ પેન વળી તે પણ હાથ. ૧.

ચાલો ભાઇ નિશાળે *સહુ;
સારી વિદ્યા ભણીએ બહુ;
પે'લાં ગુરૂને લાગો પાય;
તેથી વિદ્યા સફળ ગણાય. ૨.

---

* સૌ

સત્ય વચન આ માનો હિત;
ભાવે મનમાં ધરીને પ્રિત;
દેવજીના શિખ માને જેહ;
પ્રેમે વિદ્યા પામે તેહ. ૩.

૧૦૧—સ્કૂલમાં ભણુવા જવું ત્યારે માથું ઉઘાડું રાખી ન જવું, તેમ કસો તૂટેલું કે મેલું અંગરખું પેહેરીને બેડોળ થઇને પણ જવું નહિ.

૧૦૨—વળી છેવટે પણ મ્હારા વિદ્યાર્થી ભાઇઓ તમને હું ભલામણ કરૂંછું કે દાતણ કર્યા વગર વાસી મોઢે કદી નિશાળમાં જશો નહિ, કારણ કે ભણેલી વિદ્યા ભૂલી જશે * * * અનુભવ સિદ્ધ.

૧૦૩—વિદ્યા દેવીનો મહિમાઃ-

હરીગીત વૃત.

આ સર્વ સૃષ્ટીને વિષે છે, શ્રેષ્ઠ સાધન સરસ્વતી;
જે નિત્ય સેવે એહને, તેની કરે [1]શુધ એ મતી;
માટે વિચારો મન વિષે, એ સર્વદા સુખદાઇ છે;
તું માની લે નીજ ચિત્તથી, દેવજી તને એ સહાય છે. ૧.

[1] શુદ્ધ.

બાબત ૫મી.

પોતાના ધર્મ તથા માબાપની સેવા વિષે.

૧૦૪—પોતાનો જે ધર્મ હોય તેના ઉપર હંમેશા આસ્તા રાખવી નાસ્તીક થવું નહિ.

૧૦૫—ધર્માભીમાની થવું.

૧૦૬—પોતાના ધર્મ કરતાં બીજામાં સાર હશે એમ સમજી પોતાનો ધર્મ છોડી બીજામાં મળવું નહિ.*

૧૦૭—બીજા ઉપર દયા લાવવી એજ ધર્મ.

૧૦૮—કોઇનું ભલું ઈચ્છવું તેજ પરમધર્મ.

૧૦૯—માત પીતાની ચાકરી કરવી; તેમની આજ્ઞામાં રહેવું, તેમના કહ્યા પ્રમાણે કરવું એજ પરમ ધર્મ છે. તથા સંસાર સુખનું પવિત્ર સાધન પણ તેજ છે.

૧૧૦—દરરોજ સવારમાં પ્રીતિથી માબાપના દર્શન કરેથી અડસઠ તીર્થનું ફળ પ્રાપ્ત થાય છે. એમ શાસ્ત્રકારોનું માનવું છે.

૧૧૧—તેમની રજા લીધા વગર ક્યાંઈ જવું નહિ.

૧૧૨—આંધળા, લુલા, પાંગળા યાને શરીરના કંઈ પણ અવયવ

*આ કલમનો ભાવાર્થ કે હાલના સુધરતા હિંદુ જુવાનીઆઓ નહિ મુસલમાની ધર્મમાં નહિ હિન્દુમાં, નહિ પારસીમાં, કે નહિ ખ્રિસ્તીમાં, એમ જોવામાં આવે છે. જેથી તેઓ સર્વ કામથી રદ થાયછે ને કોઇને પ્રીય લાગતા નથી. કહેવત છે કે, અતોયં ભ્રષ્ટ ને તતોયં ભ્રષ્ટ

ભંગ થએલાને જોઈ તેના ઉપર દયા આણી પોતાની ગુંજાસ પ્રમાણે તેને અન્નદાન, વસ્ત્રદાનાદિક આપવું (રોકડા પૈસા આપવા નહિ.) એજ પૂન્ય છે.

૧૧૩—માબાપની અનુમતિ લીધા વગર કંઈ પણ કામ આદરવું નહિ.

૧૧૪—પોતાના કુળદેવોમાં આસ્થા રાખી તેમને પુજ્ય ભાવથી માની પૂજવા.

૧૧૫—કોઈ નાસ્તિકના કહેવા પ્રમાણે કોઇ દેવ છેજ નહિ, એમ માનવુંજ નહિ. પણ સર્વત્ર સર્વ દેવતાઓ બિરાજેલા છે એમ નિશ્ચય પૂર્વક જાણવું.

૧૧૬—પથ્થરમાં તે શું ચમત્કાર કે જીવ છે? જે તેને દેવતા કરી માનીએ. એવી ખોટી કલ્પના કદી કરવીજ નહિ, કારણ વેદના મંત્રોથી તેની પ્રતિષ્ટા કરી આવાહાન કરેછે જેથી કરી તે નામના દેવતાનો વાસ થઇ ચૂકયો છે એમ માનવું. જો સાચો ભાવ હશે તો તેથી ચમત્કાર જણાશેજ. કહેણી છે કે આસ્થા મોટી વાત છે.

૧૧૭—જે પોતાનો ધર્મ છોડી દે છે તે આખર દુઃખી થાય છે ત્યારે પસ્તાય છે.

૧૧૮—જેણે નવ માસ સુધી ઉદરમાં રાખ્યો એવી જે જનેતા (માતા) તેની બરાબર આજ્ઞા પાળવી.

૧૧૯—જેમણે જન્મ ઘડીથી જીંદગીના આખર સુધી પાળીપોષીને મોટો કર્યો તથા અનેક લાડ લડાવ્યાં એવાં જે માત પીતા તેમને ઈશ્વર તુલ્ય માનવાં ને તેમની સેવા કરવી.

૧૨૦—તેમની આજ્ઞાનો કદી ભંગ કરવો નહિ.

૧૨૧—તેમના પૂછ્યા સિવાય કોઈ પણ બાબત આગળ પાછળ ડગલું ભરવું નહિં.

૧૨૨—માતાપિતાનો આપ્ત (દુઃખ) કાળે ત્યાગ (છોડવું) નહિ.

૧૨૩—આપણે દુરાચારે વર્તતા હોઈએ, કે કામ કરતાં કંઇ ભુલ થઇ હોય, કે કોઈ જાતનું નુકસાન થયું હોય, ત્યારે માબાપ ગુસ્સે થઈ ઠપકો આપે તે માટે મનમાં કચવાવું નહિ. પણ ઉલટી તેમાંથી શિખામણ લેવી કે ફરીથી તેવું ન બને તે માટે કાળજી રાખવી.

૧૨૪—પોતાથી મોટા ભાઈના કહેલ વચનો હિતને માટે છે જેથી તે માન્ય કરી તે મોટા ભાઇને પીતાની બરોબર માની તેમની આજ્ઞા પાળવી.

૧૩૫—મોહોટી બેહેન તે માતા તુલ્ય (બરાબર) છે એમ જાણી તેની વાતનો તિરસ્કાર કરવો નહિ.

૧૨૬—પોતાનો કાકો કોઇ ત્રાહીત છે એમ સમજી હીત વચનો ન ગણકારતાં બીજા કાનેથી ઉતારી નાંખવાં નહિ, કારણ તે પણ માવીત્ર છે.

૧૨૭—જે બાબતમાં માને સલાહ પૂછવા જેવી બાબત હોય તે બાબતમાં માને પૂછવું ને પીતાને પૂછવા જેવી બાબત પીતાને પૂછવી ને ગુપ્ત રાખવા જેવું હોય તો અરસપરસ ખબર પડવી ન જોઈએ. જો બન્નેની સલાહ લેવી જરૂરની હોય તો બન્નેની લેવી. વળી ઘરમાં બીજા વડીલનું પણ તેમજ સમજવું.

બાબત ૬ ઠ્ઠી.

મિત્રાઈ વિષે.

૧૨૮—મિત્રાઈ સારા સ્વભાવનો જે પુરૂષ હોય તેની સાથે કરવી.

૧૨૯—કપટી, લુચ્ચા, ક્રોધી, વ્યસની, જુગારી, ચોર એવા સ્વભાવ-વાળાની સોબત કરવી નહિ; તેમનાથી હંમેસ દૂર રહેવું. કારણ આપણે તેવા ન હોઈશું તો પણ તેવામાં ગણાઈશું. દાખલો જો કોઇ પણ સખ્સ કલાલ (દારૂ વેચનાર)ની દુકાનમાં જઈને દૂધ પીશે તો પણ તેણે દારૂ પીધો કહેવાશે.

૧૩૦—ખરો મીત્ર તેને કહેવો કે જે છાની વાત કોઇને કહે નહિ તેજ, તથા દુઃખની વખતે ધીરજ આપે ને દરેક સંબંધે મદદ કરે.

૧૩૧—જો સ્નેહ કરવો તો આપણા બરોબરીઆ સાથે કરવો.

૧૩૨—મીત્રને કડું (દીલ દુભાય તેવું) વચન કહેવું નહિ; તથા મશ્કરી પણ તે સાથે ન કરવી.

૧૩૩—થએલો સ્નેહ વધવા તથા કાયમ રહેવા તે સ્નેહીને; જો પરગામ હોય તો વારમવાર પત્ર લખતા રહેવું; ને એકજ ગામમાં હોઈએ તો હર વખત મળી દરેક બાબતે સંતોષ માનવો ને શુભ અવસરે તેમને સોગાતો આપતા રહેવું.

૧૩૪—જે આપણો ખરો મીત્ર હોય તેની પાસે દીલની વાતો કહેવી એ મીત્ર ધર્મ છે.

૧૩૫—સામાનું અંતઃકરણ જાણ્યા વગર છાની વાત તેને કહેવી નહિ.

૧૩૬—સ્નેહી સાથે અમર્યાદાથી ભાષણ ન કરવું.

૧૩૬—રાજા તથા મોટા અધિકારી આપણા સ્નેહી છે એમ કદી માનવું નહિ.

૧૩૮—પોતાનું ભલું કરનાર હોય, તેના શત્રુ સાથે કદી મીત્રાઈ રાખવી નહિ.

૧૩૯—મીત્ર સાથે કોઈ વાતમાં વાદ (તકરાર) કરવો નહિ.

૧૪૦—હંમેશા સારા માણસની પંક્તિ (હાર)માં બેસવાનું માન ધરાવવું એટલે સારા માણસની સોબત કરવી.

૧૪૧—કોઈ મીત્રથી ખટપટને લીધે મીત્રાઈ તૂટી પડી તો તેવા મીત્રનો ફરી સ્નેહ કરવો નહિ કદાપી તેમ કરવાનો પ્રંગ પડે તો ઘણી સાવચેતી રાખવી.

૧૪૨—પારકી સ્ત્રીની મીત્રાઈ કરવી નહિ.

૧૪૩—મધુર ભાષીણી સ્ત્રીનો વિશ્વાસ ન કરવો.

૧૪૪ મીત્ર મૂરખ હોય તો તરત તજી (છોડી) દેવો.

૧૪૫—નઠારાં માણસની સાથે મીત્રાઈ કરવી નહિ, કારણ તેની સોબતથી આપણા મન ઉપર નક્કી ખરાબ અસર થયા વગર રહેજ નહિ. કહેવત છે કે "સોબતે અસર" વળી કહ્યું છે કેઃ-

નારાચછંદ.

કદાપી કાળીઆ કનેજ ધોરી ધોળીઓ વશે,
વળે ન વાન તોય સાન સંગ જેવી શીખશે;
ઉડે ન તોય ઠેકવા શિખે વશી વીહંગમાં,
કુસંગીનો પ્રસંગ દે કુસંગ રંગ અંગમાં.

કવી દલપતરામ.

૧૪૬—મીત્રથી દગો કરવો નહિ, કારણ દગો કરેથી મીત્રદ્રોહી કહેવાશો.

૧૪૭—દગા વિષે:—

દોહરા.

દગો સગો નહિ કોઈનો, સમજો મનમાં યાર;
દગલબાજ નર તો બને, અંતે તે ખૂવાર. ૧
દગો કર્યો દુર્યોધને, પિત્રાઈ પાંડવ સાથ;
અંતે કુળનો નાશ પણ, થયો તેમને હાથ. ૨
માટે મારા બાંધવો, કરજો મન વિચાર;
દગો રમેથી દેવજી, થાશે ભુંડા હાલ. ૩

૧૪૮—વેસ્યા સ્ત્રી સાથે મીત્રાઇ કરવી નહિ, મીત્રાઈ તો શું? પણ તેમની સાથે કદી ભાષણ પણ ન કરવું.

૧૪૯—મીત્રની પરિક્ષા દુ:ખની વખતે થાય છે.

૧૫૦—પુરૂષ પરિક્ષા વિષે:—

દોહરો.

કામ પડ્યાથી જાણીએ, જે નર જેવો હોય;
કસ્યા વિણ ખોટું ખરૂં, કહે ન સોનું કોય.

બાબત ૭મી.

નીતિ વચનો વિષે.

૧૫૧—મધુર તથા લોક પ્રીય ભાષણ બોલવા હંમેશાં રીવાજ રાખવો.

૧૫૨—કોઇને પણ ગાળો ભાંડવી નહિ; ભુંડું મૂખથી કદી પણ ઓચરવું નહિ.

૧૫૩—પોતાના વડીલ જન (બાપ, દાદા, કાકો ઇત્યાદિ) તથા આબરૂદાર ગૃહસ્થ કે કોઇ પણ માણસને આદરમાનથી બોલાવવા રીવાજ રાખવો.

૧૫૪—આપણને કોઈ બોલાવે તો "જી" કહીને સાદ (જવાબ) આપવો.

૧૫૫—કોઇની અદેખાઈ કરવી નહિ.

૧૫૬—નાનપણથીજ સુભાષણ (સારૂં બોલતાં) તથા સત્ય (સાચું) બોલતાં શીખવું.

૧૫૭—નઠારા છોકરા કે નઠારા માણસની સોબત કરવી નહિ.

૧૫૮—પોતાની મરજી મુજબ ચાલવું નહિ, પણ જેમ પોતાના માબાપ સુનીતિ ને માર્ગે ચાલવા કહે તેમ વર્તવું.

૧૫૯—વડીલ અને ગુરૂજનની મર્યાદા રાખતાં શીખવું.

૧૬૦—પોતાના ભાઈ ભાંડુ સાથે હળીમળી પ્રીતથી ચાલવાની પોતાને ટેવ પાડવી.

૧૬૧—બીજાનું સારૂં દેખી અદેખાઇ આણવી નહિ.

૧૬૨—પોતે ચોરી તથા કજીઓ કરતાં અટકવું, તેમ બીજાને જોઇને તેને પણ બોધ કરવો.

૧૬૩—કદી જૂઠું બોલવું નહિં.

૧૬૪—જુઠ વિષે:—

હરીગીત છંદ.

નવ જૂઠું બોલો મુખથકી, હે બાળકે જુવાનીઆ;
છે સાર સાચું બોલવે, અસત્યથી દુ:ખિયા ઘણા.
ભરવાડ પુત્રનિ પેઠ બનશો, જૂઠથી દુ:ખીઆ સહુ;
રે વાઘ આવ્યો વાઘ આવ્યો, એમ કહી ઠગતો બહુ. ૧

ત્યાં દૈવી કોપથી એક વખતે, વાઘ વનમાં આવીઓ;
બુમ પાડવાથી લોક કોઇ, તેની મદદે નવ ગયો;
માટે અરે તું દેવજી, નવ જૂઠું મૂખથી ભાખજે;
છે સાર એમાં એટલો, દ્રષ્ટાંત તે સંભાળજે. ૨.

૧૬૫—સારાં સારાં લુગડાં તથા સારૂં સારૂં ખાવામાં પોતાની ગુંજાશ ઉપરાંતનો શોખ રાખવો નહિ.

૧૬૬—પોતાના મન ઉપર ગુસ્સારૂપી દુશ્મનને અસરરૂપી ઘર બાંધવા દેવું નહિ, એટલે કદી પણ મનમાં ગુસ્સો કોઇએ બાબતમાં આણવો નહિ.

૧૬૭—જે આપણને અવગુણ કરે તેનો ગુણ કરવો એજ માણુસાઇ છે.

૧૬૮—અવગુણ ઉપર ગુણ વિષે:—

દોહરો.

અવગુણ કેડે ગુણ કરે, એ સજ્જનની રીત;
તો સુખથી તે મેળવે, સર્વ જગતની પ્રીત. ૧.
જેમ પથ્થરથી અંબવૃક્ષ, ફળ આપે કરી વ્હાલ;
રોષ ન આણે મનમાં, ત્યમ દેવજી તું ચાલ. ૨.

૧૬૯—જેણે આપણા ઉપર ગુણ કર્યો હોય, તેનો જન્મ પર્યંત (સુધી) ઉપકાર માનવો ને તેનો એકવાર નહિ પણ ઘણીવાર (વખત) બદલો વાળવા ચૂકવું નહિ.

૧૭૦—આપણે કોઈના ઉપર ઉપકાર કર્યો હોય કે કરીએ તો તે કરેલા ઉપકારનો આપણે બદલો માગવો નહિ. તેમ ઉપકાર કર્યો છે એમ પણ પોતાને મોઢેથી ન કહેવું.

૧૭૧—આપણા ઉપર કોઇએ ઉપકાર કર્યો હોય ને ઇશ્વર કૃપાએ તે

ફરજ આપણે બજાવી ચૂક્યા હોઇએ તો પણ એમ ન કહેવું કે હવે અમે બદલો વાળી આપ્યો છે.

૧૭૨—સાચું બોલવા તથા વિવેકથી ચાલવાની હંમેશાં પોતાના મનમાં ખંત (હોંસ) રાખવી.

૧૭૩—સાચ વિષેઃ—

દોહરો.

સાચું સર્વે ભાખજો, મનમાં આણી વ્હાલ;
જય સાચેથી થાયછે, નહિ જુઠામાં માલ. ૧
સાચે જગ પ્રસિદ્ધ છે, રાય હરીચંદ જાણ;
પ્રીતેથી દેવજી કહે, થાય જુઠથી હાણ. ૨

૧૭૪—વગર બોલાવે કોઇની પાસે જવું નહિ.

૧૭૫—કોઇનો કાગળ રજા લીધા વગર વાંચવો નહિ.

૧૭૬—પારકી ચીજ માલેકની રજા લીધા વગર લેવી નહિ.

૧૭૭—પોતે કોઇની ચીજ દબાવી પાડવાની બુદ્ધિ રાખવી નહિ.

૧૭૮—પોતાના અંગમાંથી કુટેવો (દુર્વ્યસનો)ને કાઢી નાંખવાને તત્પર (તૈયાર) રહેવું.

૧૭૯—કોઇ પણ સખ્સનું બુરૂં કરવાની વૃત્તિ કરવી નહિ.

૧૮૦—બીજાનું સારૂં દેખી પોતે ખુશી થવું જોઈએ.

૧૮૧—જેવી રીતે આપણા કુટુંબ કબીલાથી ચાલીએ છીએ તેવીજ રીતે બીજાથી વર્તવું જોઇએ.

૧૮૨—ગાય, બ્રાહ્મણ, માગણ, ગરીબ, કંગાલ, આંધળો, અપંગ, નિરાધાર, બીનવારસ ઈત્યાદિને જોઇ તેના ઉપર દયા આણવી.

૧૮૩—અનાયાસે (ધ્યાનમાં ન છતાં થઇ જવું તે) કદાચ ગુન્હો થઈ

જાય તો જેનો ગુન્હો કર્યો હોય તેની પાસેથી માફી માગવી, ને ત્યાર પછી એવું ન બને તેમ કરવા કાળજી રાખવી.

૧૮૪—પોતાની ગુંજાસ પ્રમાણે દરેક જાતનું ખર્ચ ખાતર કરવું પૂર્ણ સુખ થવું નહિ. પ્રસંગે આ કહેવત યાદ રાખવી કે "કોઇની હવેલી જોઇ પોતાની ઝુંપડી પાડવી નહિ."

૧૮૫—ઉત્તર તથા પશ્ચિમ દિશામાં માથું રાખી સુવું નહિ એટલે પથારી ન કરવી.

૧૮૬—બની શકે તો કોઈપણ અભ્યાગતને જમાડ્યા પછી પોતે જમવું જો તેમ ન બને તો પોતાના ભોજનમાંથી કંઇ પણ ભાગ રાખી જમી રહ્યા બાદ કૂતરાને નાંખવો.

૧૮૭—રાત્રીને સમયે નિઃશંકપણે બહાર હરફર કરવી નહિ.

૧૮૮—પરસ્ત્રીની ઇચ્છા ન કરવી.

૧૮૯—વિચારવંત દાના પુરૂષોએ મદ્યપાન (દારૂપીવો) ઇત્યાદિનો ત્યાગજ કરી દેવો ઘટેછે.

૧૯૦—દ્વેષ એ દુઃખ પ્રાપ્ત થવાનું મૂળ છે અને ક્ષમા બક્ષવી (માફી આપવી) તે સુખ પ્રાપ્તીનું મૂળ છે. માટે મનમાં કદી પણ દ્વેષભાવ આણવો નહિ. સદા ક્ષમાવંત થવું.

૧૯૧—રસ્તે જતાં કોઈપણ પુરૂષને નમનતાઈથી બોલાવવું.

૧૯૨—ગમે તેવી દુઃખી અવસ્થા ભોગવતા હોઇએ પણ પોતાના ધર્મનું ઉલ્લંઘન કદીપણ કરવું નહિ.

૧૯૩—નઠારા પુરૂષોની સોબત ન કરતાં સારા વિદ્વાન પુરૂષોની સાથે સમાગમ (આવવા જવાનો પ્રસંગ કે મેળાપ) વ્યવહાર રાખવો.

૧૯૪—માતપીતા પોતા ઉપર કદી ગુસ્સે ન થાય એવી કાળજી રાખવી.

૧૯૫—આપણે કોઈના ઉપર ગુણ કર્યો હોય તેના બદલાની આશા રાખવી નહિ.

૧૯૬—કપટ ભરેલું કાર્ય (કામ) કરવું નહિ ને કોઇને કપટથી મારવું અગર કપટથી કામ પણ કાઢવું નહિ.

૧૯૭—કોઈનો જીવ બચાવવા પોતાનો જીવ જોખમમાં નાંખવા તૈયાર રહેવું તેનું નામ દયા.

૧૯૮—કોઇના ઉપર કઠોર અને તિક્ષણ વાક્યરૂપી બાણોનો પ્રહાર કરવો નહિ.

૧૯૯—ક્રોધરૂપી રાક્ષસને પોતાને વશ રાખવો.

૨૦૦—ગુણિકા (વેશ્યા)ના કપટ ભરેલા મધુર વચનો પર કદી જરા પણ મોહ તથા વિશ્વાસ ન રાખવા

૨૦૧—વેશ્યાને ત્યાં નાચ, રંગ, તમાસો જોવા ન જાવું ને કદાચ જાવું તો ધ્યાન રાખી થોડું સાંભળી મનને ખુશી કરી તરત ચાલી નીકળવું, નહિ તો છેવટે ફસાઇ જવાનાજ.

૨૦૨—પોતાના બળનું ગર્વ રાખી નાનકડા શત્રુનું પણ અપમાન ન કરવું.

૨૦૩—વિદ્યા તથા પરોપકાર એ બેને વિષે કદી તૃપ્તી રાખવી (સંતોષ માની બેશી રેહેવું) નહિ, પણ તે વધારવા તૃષ્ણા રાખવી.

૨૦૪—હમેશાં સારાં કામ કરવા તરફ મન રાખવું.

૨૦૫—પોતાના સ્નેહીઓની એબ બહાર ન પાડતાં ઢાંકવી.

૨૦૬—પોતાના થોડા યા ઘણા ફાયદા સારૂ કોઈનું વધારે ઘટારે નુક-

સાન કરવું નહિ એટલે તેવું ન બને તે માટે કાળજી (ધ્યાન) રાખવી.

૨૦૭—આપણા જાણ્યામાં ન છતાં અણજાણી વાત કરવી નહિ.

૨૦૮—અણજાણે માર્ગે જવું નહિ.

૨૦૯—વગર બોલાવ્યે બોલવું નહિ.

૨૧૦—કોઈપણ વાતનો કોઇપણ જેટલો સવાલ માગે તેટલાનોજ ઉત્તર આપવો વધારે લવારો કરવો નહિ.

૨૧૧—સર્વે સાથે ભલાઈ રાખવી.

૨૧૨—પાણીના ચિત્રામણ કહાડવાં નહિ.

૨૧૩—તણખલાં તોડવાં નહિ.

૨૧૪—કોઈનો અવગુણ કરવો નહિ.

૨૧૫—ઉંડા પાણીમાં ઉતરવું નહિ.

૨૧૬—પાણીથી ભરેલા કૂવા કે તળાવમાં કૂદકા મારી ન્હાવું નહિ, તેમ હદ ઉપરાંત તરવું પણ નહિ.

૨૧૭—કલેશનો વધારો કરવો નહિ.

૨૧૮—કેડે (કમરે) હાથ દઇ ચાલવું નહિ.

૨૧૯—ખોટા ડોળ ઘાલુ બનવું નહિ.

૨૨૦—કાન ઘણો ખોતરવો નહિ.

૨૨૧—પોતે બીજા કરતાં ધનવાન છીએ એવું સમજી અભિમાન રાખવું નહિ.

૨૨૨—અણજાણ્યા માણસનો કોઈ વાતે વિશ્વાસ ન કરવો.

૨૨૩—લોકોનો "પ્યાર" મેળવવા હમેશા ખંત રાખવી.

૨૨૪—પોતાની મત પ્રમાણે ચાલવું નહિ.

૨૨૫—ચાર સમજુ ડાહ્યા માણસને પૂછીને કોઈ મોટું કામ કરવું.

૨૨૬—તમાસો જોવા ઉભું રહેવું નહિ.

૨૨૭—કોઈનું કાંઈ ચોરવું નહિ.

૨૨૮—કોઈ બાબતમાં કોઈના જામીન થવું નહિ.

૨૨૯—જૂઠી સાહેદી પૂરવી નહિ.

૨૩૦—કોઈની માગેલી ચીજ પચાવી પાડવા (પાછી ન દેવાનો) કદી વિચાર કરવો નહિ.

૨૩૧—કોઈ બોલાવે તો "જી"કારે બોલવું જી.

૨૩૨—ચૌટે (બજારમાં) જેઈએ ત્યારે સર્વ વસ્તુનો ભાવ પૂછવો.

૨૩૩—જે કામ કરવું તે બરોબર વિચારીનેજ કરવું.

૨૩૪—કોઇની પાસેથી છાની વાત સાંભળીને બીજા કોઈને કહેવી નહિ.

૨૩૫—પોતે અનુભવમાં ન લીધેલી વાત કદી સાચી માનવી નહિ. એટલે બીજા માટે આપણને કોઈ ખોટુ સમજાવી ચડાવે તો તે સાચું માની બેસી રહેવું નહિ, કારણ કાને સાંભળેલી વાત તો ઠીક પણ આંખે દેખેલી એ ખોટી ઠરેછે.

૨૩૬—એકાએક કોઈના કહેવાથી બીજાએ પોતાને માટે ભૂંડું કહ્યુંછે માટે શીક્ષા કરૂં એમ સમજી કદી ગુસ્સે થવું નહિ, કારણ એથી ઊલટું અનીષ્ટ (ખરાબ પરિણામ) થાયછે માટે તે વિષે તપાસ કરી મન શાંત પાડવું.

૨૩૭—જે કામ પોતે કરવું છે તે માટે બીજા ઉપર આધાર રાખવો ફોગટ છે.

૨૩૮—કોઈને કયારે પણ ભૂંડા શબ્દો કે ગાળો બોલી તેના મનને દુભાવવું નહિ.

૨૩૯—કદી પણ મસ્તી અથવા તોફાન કરવું નહિ.

૨૪૦—હે પ્રીય ઉજરતા ગાર્ય બંધુઓ (હીંદુભાઈઓ) વળી તમો જુગારથી તો હજાર ડગલા દૂર રહેશો ને એ બાબતમાં સારછે એવું તમને જે કહે તેને તમારો કટ્ટો (પૂરેપૂરો) દુશ્મન માનશો.

૨૪૧—જુગાર વિષે કવિતાઃ——

રાગ ત્રિતાળી ચોપાઈ.

(લેલી લેલી પોકારૂં મેં બનમેં—એ રાગ)

તમે જુગટું રમોરે વિચારી,
નળરાય ગયા સર્વ હારી;
વળી જાણો યુધિષ્ટિર રાય,
ચૌદ વર્ષ કાઢયા વનમાંય. ૧
માનો જુગટાથી એવી ખુવારી,
મોટા નૃપતિ ગયા રાજ્ય હારી;
છે જુગટાનાં એવો સાર,
દેવજી તું મન વિચાર. ૨

૨૪૨—બીજા માણસની પોતા ઉપર પ્રીતિ વધે એવી રીતે હમેશા સંતોષ ભર્યું કામ કરવું.

૨૪૩—જુગાર, વ્યભીચાર, કેફ, ચોરી વિગેરે દુર્ગુણોથી દૂર રહેવું.

૨૪૪—લોકોમાં પોતાની નીંદા થાય એવાં કામ કદી કરવાં નહિ.

૨૪૫—આપણને કોઈ શીખામણ આપે તેના બોલ કડવાં સમજવાં નહિ. પણ તે આપણા હિત (ભલા)ને માટે કહેછે એમ સમજવું.

૨૪૬—પોતાના કુટુંબમાં કે નાતમાં કે પરનાતમાં કે પોતીકા શેહેરમાં કોઇને પણ સારો વિદ્વાન અથવા પૈસાવાળો જોઈ તેની અદેખાઈ કરવી નહિ પણ ઊલટા રાજી થવું, ને પોતે તેવા બનવાને મેહેનત કરવી.

૨૪૭—કોઈપણ કાર્ય (કામ)થી લોકોમાં પોતાના વખાણ થાયછે માટે હું ડાહ્યો છું એમ સમજી ફૂલાવું નહિ.

૨૪૮—કદીપણ ના હિંમત થવું નહિ, હરેક કામ ધીરજ રાખીને કરવું.

૨૪૯—પોતાના સગા સંબંધી સાથે વિરૂદ્ધતા ન રાખવી.

૨૫૦—કોઈ સ્ત્રી પોતાના ઉપર માતાની પેઠે પ્યાર દેખાડે તો પણ તેવી અણજાણી કે મેલા મનની (કપટી) સ્ત્રીનો વિશ્વાસ (ભરૂસો) રાખવો નહિ.

૨૫૧—ધૂતારા લોકોના મધુર બોલવાથી લપટાઈ જઈ તેનો કદી વિશ્વાસ કરવો નહિ.

૨૫૨—મોટું કામ કરવામાં ડાહ્યા તથા ગ્યાન પુરૂષની મદદ માગવી.

૨૫૩—પોતે ન જાણતાં હોઈએ એવી બાબતમાં હઠ લઈને પોતાની મત પ્રમાણે તેને સાચી ઠરાવવા કોશીષ કરવી નહિ.

૨૫૪—જે વાતની શીખામણ અને બોધ પોતે બીજાને આપીએ તે પ્રમાણે પોતે પ્રથમ વર્ત્તવું જોઈએ.

૨૫૫—દરેક સુધારાના કાર્યમાં અગ્રેસર (આગળ પડી અમુક કામને ટેકો દેનાર) થવું ને કુધારાને નિર્મૂળ કરવો.

૨૫૬—કોઈ કંઈ બાબતમાં મદદ માગે ને પોતાથી બની શકે એમ છે તો તેને નિરાશ ન કરતાં બનતી મદદ કરવી.

૨૫૭—પોતાથી મદદ ન બની શકે એમ હોય તો કોઈ તેવા દયાળુ પુરૂષનું નામ દર્શાવવું અગર બની શકે તો જાતે તેની સાથે જઈ તે કૃપાળુ શખ્સને મદદ માગનારને માટે ભલામણ કરવી.

બાબત ૮ મી

વ્યસન (કેફ) તજવા વિષે.

૨૫૮—મારા ભારતવાસી વાચકવૃંદો હવે આ નોટ વાંચતાં વાંચતાં આપણે છેવટે આવતા જઇએ છીએ. તેમ તેમ ઉમ્મર લાયક યુવાનોના સદુપયોગની શીખામણો આવેછે તો આ આઠમી બાબત કે આઠમું પ્રકરણ જે કેફ તજવા બાબત લખાયલું છે તે વાંચી જોતાં દરેક કેફી ચીજ હાનીકારક છે એમ જણાઈ આવ્યા વગર રહેતું નથી. માટે તેથી (કેફી ચીજોથી) તમને તદન વેગળા રહેવા ભલામણ કરૂંછું છતાં વાંચક વૃંદો જો તેમાં ફસાયા તો તમારા ભાગ્યારતની વાત સમજવી.

૨૫૯ ચલમ, બીડી કે હુકો કદી પીવાંજ નહિ; કારણ એ શરીરને સુધારનાર નથી પણ બિગાડનાર છે.

૨૬૦--તમાકુ--પીવી, સૂંઘવી કે ચાવવી એમાંનું કશું કરવું નહિ. અને જે તે પ્રમાણે વર્તેછે, તે દુ:ખી થાયછે માટે શોખને ખાતર તેનું નામે ન લેવું.

૨૬૧--તમાકુના અવગુણ વિષે:--

દોહરો.

ખાય તેનો ખૂણો, પીએ તેનું ઘર;
સુંઘે તેનાં લુગડાં, એ ત્રણે બરોબર. ૧ ગૂ. સા. ચો.

૨૬૨--**ભાંગ**--એ પણ કેફી વસ્તુ છે, એનો શોખ બુરો ને અતિષે વગોવવાં જોગ છે. એ પીતાં માણસ ઘેલું બની જાયછે, તથા વીર્ય (ધાતુ) ફાટી જાયછે. ને અંતે પેશાબમાં વહી જાયછે તથા તેથી પ્રમેહ ઈત્યાદિક દરદ લાગુ પડેછે.

૨૬૩--**ગાંજો**--એ ગરમીના દિવસોમાં ને ગરમ દેશમાં ખવાય તેમ પીવાય (પાણીમાં ઘુંટી કરી ને) છે ખરી, પણ તેની લત ખરાબ છે કારણ તે ખાવાથી શરીર ઠંડું થઇ જવાની સાથે ઈંદ્રિયો સીથિળ (નરમ) થઈ જાયછે* માટે બાળકોએ તો **એથી** ઘણાંજ દૂર રહેવું જોઈએ. કારણ એ પીવાથી કેફ ચડેછે ત્યારે શરીરની શુદ્ધિ રહેતી નથી જેથી કંઈને કંઈ બોલી જવાય છે તેણે કરીને લોકોમાં અપકિર્તી થાયછે.

૨૬૪--**દારૂ**--બાઈઓ એ ચીજ એવી તો નિર્દય (ઘાતકી) ને મોહક

*ઇંદ્રિયો નરમ કરવાનો એમાં ગુણ હોવાને લીધે અવધૂત જોગી-વૈરાગી, ને લેવી ઘટેછે. કારણ તેને વિષય વિલાસથી દૂર રહેવું પડેછે. ગૃહસ્થીને લાયક નથી.

છે કે તેની જાળમાંથી હાલના સુધરતા જુવાનો પૈકી કોઇકજ છૂટયો હશે. અને જે છૂટયો હશે તેને હું ધન્યવાદ આપુંછું. કારણ એ ચીજ ગરમ જેથી આંતરડાને બાળી ભસ્મ કરી નાંખેછે, ધાતુને પાડી નાંખેછે, મરદાઈ છીનવી લઇ નામરદાઈ બક્ષેછે અમર્યાદા ઇનામમાં આપેછે ને તે લોકોમાં નીંદાને પાત્ર બનાવે છે આદિ અવગુણો છતાં જે આંધળા તેને ગ્રહણ કરેછે તેઓ દુઃખી થતા બહુજ પસ્તાય છે. કહેવત છે કે "હાથમાં દીવો લઇ કૂવામાં પડવું" એ બરાબર છે માટે ભાઈઓ એથી દૂર રહો! દૂર રહો!! દૂર રહો!!!

૨૫- **અફીણ†**--એ ઝેરી ચીજ સાથે કેફી છે. તેને લોકો દરદ થવાના કારણથી તથા શોખને લીધે ખાયછે પણ અંતે તે વસ્તુ એવી તો બાઝી પડેછે કે તેના વગર બંધાણી (ખાનાર) ને પા (૦।) ઘડી પણ ચાલતું નથી તેનો કેફ ઉતર્યા પછી ટાંટીઆ નરમ પડી જાયછે, બગાસાં આવેછે, સુસ્તી વધેછે અને ચેન પડતું નથી વળી તે ઝાડો કબજ કરેછે જેથી મળ વિકારે રોગ થાય છે. માટે એથી પણ દૂર રહો એ મારી નમ્ર ભલામણ છે.

---

†બાળકની માતાઓ નાના બાળકોને અફીણ ખવડાવેછે કારણ કે તે કામ પ્રસંગે કે કંઈ વાતે મુઝાય નહિ એવી મતલબથી ખવડાવે છે કે તેઓ અફીણના કેફને લીધે બાળક ઊંઘ્યું રહેશે. પણ તેઓ એ મતલબ પાર પાડતાં બાળકના હીતમાં ઉલટી હાની કરેછે.

૨૬૬--કેફ વિષે:—

મરશીઆ રાગ.

હાયહાયરે કેફી ચીજો નાશ વાળે—ટેક.
પે'લાં કેફી ચીજ સ્વાદુ લાગે
તેથી જઈ તેને તે બાઝે
અંતે પસ્તાઈને મન દાઝેરે---હાયહાયરે. ૧
ગાંજો ભાંગ ને વળી અફીણુ
નર પીતાં બને મતિ હીણુ
જેમ પ્રીતિ પાણીને મીનરે--હાયહાયરે. ૨
દારૂ બાળી નાંખેછે કલેજું
તેની સાથે બગાડ જાય ભેજું
સુની બનાવે કૈંકની સેજુંરે---હાયહાયરે. ૩
નાર કેફીની મોં વાળી રૂવે
તેને પલ્લે પડી નૂર ખૂવે
એ સંસાર સુખ શું જુએરે---હાયહાયરે. ૪
કેફી વાંસે પડેલ જે નાર
છે દુઃખ ભર્યો તેનો સંસાર
સુખ લેશ ન સ્વપ્ના મોઝારરે-૦હાયહાયરે. ૫
કેફી નરનો હુંધો છે ભારે
લોક ગણે તેને શ્વાન હારે
વળી મૂર્ખનો જામ તેને જાણેરે--હાયહાયરે. ૬
માટે વીચારી દેવજી ચાલ
નથી કેફી ચીજે કંઈ માલ

ઉલટો બનીશ તું ભુંડે હાલરે
હાયહાયરે કેફી ચીજે નાશ વાળે. ૭

૨૬૭--ભાઇઓ કેફી માણસની કોઈ સોબત કરતું નથી તેમ તેના ઉપર કોઈનો વિશ્વાસ હોતો નથી વળી તેને કોઈ કન્યા પણ આપતું નથી. એ રીતે સર્વ વાતે તે જગતમાં અળખામણો લાગેછે. માટે ભાઈઓ જો તમારી પોતાની જીંદગી સુધારવા તથા આબરૂ વધારવા ઇચ્છતા હો તો ગાંજો, ભાંગ, અફીણ, તમાકુ, દારૂ, ઇત્યાદિ હરકોઈ કેફી ચીજો નર્ક તુલ્યછે એમ સમજી તેને ગ્રહણ કરવા તો શું! પણ તેનું નામે તમારા પવીત્ર મુખથી લેવા અચકાશો એમ હું શુદ્ધ અંતઃકરણથી નમ્રતા પૂર્વક ભલામણ કરૂંછું તે માન્ય કરશો એમ હું આ નોટનો લખનાર આશા રાખુંછું.

બાબત ૯મી.

વ્યભિચાર ન કરવા વિષે.

૨૬૮—હે મારા પ્રીય ઉછરતા યુવાન આર્યબંધુઓ હવે હું તમોને આ નોટના છેવટના લખાણ પર લઇ આવેલો છું તો તે ઉપર ખાસ તમારા ધ્યાનને ટકાવી રાખવા ભલામણ કરૂંછું કે તે વાંચીને વિચાર કરો.

વ્યભિચાર એ વિષય એવોછે કે જેનું વર્ણન આ મારી કલમ કરી શકવા અશક્ત છે. કારણ કે જેને માટે મહા પંડિતોએ પણ સ્વાનુભવે ઘણાજ લખાણો કરેલાછે જે આજ આપણા વાંચવામાં આવેછે તો સ્ત્રીરૂપી મોહિની તે પુરૂષ રૂપી નકોર રત્નને પોતાના પંજામાં કામદેવની મદદથી એવી રીતે તો ફસાવી પાડેછે કે જેમાંથી છુટવું પણ મુસ્કેલી ભર્યું લાગેછે તો પણ તેવી જાળમાંથી છુટવા હું ભલામણ કરૂંછું ને કહુંછું કે જો નીચેના બે સોનેરી સખુનો (શબ્દો કે બોલો) હમેશાં ખ્યાલમાં રાખશો તો તમારી મતી સદા અચળ રહેશે ને ફતેમાં પણ વિજયી થશો એમ ખાત્રી કરેથી જણાશે.

૨૬૯—બ્રહ્મચારી કોણ? એના જવાબમાં હું જણાવુંછું કે જેણે પોતાની ઈંદ્રિયો વશ રાખી નીચે પ્રમાણે વર્તોછે, ને પોતાનીજ સ્ત્રીની જેણે આશાઓ તૃપ્ત કીધીછે તેજ બ્રહ્મચારી બાકી કઇ ગૃહસ્થાશ્રમ છોડી દેશોદેશ ભટકવું તેજ બ્રહ્મચારી છે એમ નથી. કહેવત છે કે—"એક નારી સદા બ્રહ્મચારી."

૨૭૦—પારકી સ્ત્રીને પોતાની મા બેહેન તુલ્ય જાણવી મોટી એટલી મા, ને નાની એટલી બેહેન સમજવી.

૨૭૧—પરસ્ત્રીનો સંગ કરવાથી દેવ કોપાયમાન થાયછે માટે તેથી દૂર રહેવું ઘટેછે.

૨૭૨—પારકી સ્ત્રી ઉપર કુદષ્ટી કરવી નહિ કારણ કે તેવી વર્તણુંકથી ઈશ્વર નારાજ થાયછે અને અસહ્ય (સહન ન થઇ શકે તેવા) સંકટો આવી પડેછે ને મુઆ પછી નર્કમાં નાંખેછે.

૨૭૩—રૂપવાન સ્ત્રીને જોઈ છળી પડવું નહિ, કારણ કે તેના રૂપનું અહોનીશ (હરવખત) રટણ (યાદ) કરવાથી અંતે ગાંડા બની જવાયછે એવા દાખલા આપણે પ્રાચીનકાળના રાજપુત્રોના પુસ્તકો, ઈતિહાસો તથા વાર્તાઓમાં સાંભળીએ ને વાંચીએ છીએ.

૨૭૪—વેશ્યા, નાયકા, ગુણિકા વિગેરે ઉપનામો જેને અપાયછે એવી ઓરતો પાસે જવુંજ નહિ.

૨૭૫—કોઈપણ સ્ત્રી ઉપર મોહિત થવું નહિ કેમકે જારીણી નારીઓ મહા ઝેરી નાગણો હોયછે તે જ્યાં સુધી આપણા પાસે લાલચ દેખે ત્યાં સુધી મૃદુહાસ્ય ને મધુરા ભાષણથી વર્તેછે, પણ દ્રવ્ય ઘટવાથી કે કંઇ અણબનાવથી પ્રીતી તુટી જાય કે તે પાપીણી કંઈપણ દગો કર્યા વગર રહે નહિ.

૨૭૬—ભાઈઓ વળી ખચિત્ જાણજો કે વ્યભીચારી પુરૂષની ફજેતી થાયછે ત્યારે જે વહાલા માબાપ જેને તનનો હીરો કરી માનતા તે પણ તેવા કુકર્મી પુત્રનો સત્વર (જલદી) ત્યાગકરી (છોડી) દેછે વળી સરકારમાં તેને માટે જે શીક્ષા થાય તે ઈલાયદી (જૂદી) માટે ભાઈઓ વિચારી પગલું ભરજો એમ મારી વારંવાર નમ્ર ભલામણ છે.

૨૭૭—વ્યભિચારી હોઈને ઈંદ્ર જે સ્વર્ગનો દેવતા તે પણ ગુરૂ પત્નિ (સ્ત્રી) ઉપર કુદૃષ્ટી કરવાથી શ્રાપીત બની સહસ્ત્રભગી થએલો છે ને તેની સાથે મદદ કરનાર ચંદ્ર તે કળાહીણ બન્યોછે એવીજ રીતે લંકાપતી રાવણ પોતાની વીશ ભૂજા ને દશ

મસ્તકથી યુક્ત એવા કલેવર (શરીર)નો નાશ કર્યો. એ સિવાય રામાયણમાં સુગ્રીવનો ભાઈ વાલી, માહાભારતમાં દ્રૌપદીપર મોહીત થનાર કિચક વિગેરેની કેવી કેવી વલે થઇછે તે વિચારો આ માટેની વિશેષ હકીકતો આપણા હિન્દ ઈતિહાસીક પુસ્તકોમાંથી મળી આવેછે તેમ આધુનીક કાળમાં (હમણાના વખતમાં) પણ તેવા દષ્ટાંતો ભાળીએ છીએ.

૨૭૮—વ્યભિચાર વિષે:——

દોહરો.

ગુરૂ પત્નિ પર મોહિને, થયો સહસ્ત્ર ભગી ઇંદ્ર;
મદદ આપનારો વળી, કળાહીણ જે ચંદ્ર. ૧
પરસ્ત્રી ભોક્તા બન્યો, રાવણ બહુ હેરાન;
રાજપાટ સર્વે ગયું (ને) પ્રિય પોતાનો પ્રાણ. ૨
પ્રિય વીર વિભિષણ તણા, ન માન્યા હિત વચન;
કામાધીન થઈને બન્યો, વ્યભીચારમાં અંધ. ૩
વ્યભીચારના ફંદમાં, ફસાય છે નરનાર;
નયને અંધ બને પછી, કરે ન મન વિચાર. ૪
નીજ ફજેતી થાયછે, ત્યારે કરશે શોક;
હાય અરે આ જગતમાં, જીવી ફરવું ફોક. ૫
પણું ન વિચારે મન થકી, અંતે થશે શું હાલ;
દેવજી શિખ તું માનીને, સરસ રીતિએ ચાલ. ૬

છપ્પો.

સતી દ્રૌપદીની લાજ, સભામાં લેવા ધારી;
હરખ્યો દુર્યોધન, થશે એ નાગી નારી.

કપટ પાંડવો સાથ કરી, એ જુગટું રમીઓ;
અંતે કુળનો નાશ તેણે, નીજ હાથે કરીઓ.
દેવજી મન વિચારીને, પરત્રિય આશા રાખજે;
જો દુઃખ ખમવું હોય તો, વ્યભીચાર ફળ ચાખજે. ૧

૨૭૯--સંતબોધ--આત્મ સંભાષણ અરે ભાઈ જોતો ખરો કે આ તારા સન્મુખ રૂપવાન સ્ત્રી ઉભીછે આહા! ઈશ્વરે મારા માટે દયા કરી જોતો ખરો કે પોતાને ત્યાંથી રંભા મોકલી છે. જ્ઞાનોત્પતિ થતાં-છટ છટ ધિઃકાર છે જીવ તને કે તું ફોકટનું રૂપ જોઇ છળી પડયો અરે આંધળા એ રૂપાળી સ્ત્રી તને સુખ આપવા આવેલ નથી પણ તે તને નીતિનો, ધર્મનો, સ્વર્ગનો, ને તારા આત્મોદ્ધારનો રસ્તો ભૂલાવી અધર્મનો, કુનીતિનો તથા નર્કનો રસ્તો દેખાડનાર રાક્ષસી છે.

૨૮૦--રૂપવાન સ્ત્રી જોઇ તેના ફંદામાં ફસાતા નહિ, તેના મુખની લાલી, ગુલાબી ગાલ, પરવાળા સરખા હોઠ, દાડમકળી જેવા દાંત, મૃગલી સરખા ચપળ નેત્ર, હસ્તીના જેવી ચાલ; અને છટાદાર પોશાક જોઈ તમો કામ વાસનાની લઘુતા રાખશો નહિ; કારણ એ સ્ત્રી છતાં નાગણી છે તે તમને કામકટાક્ષથી ઘાયલ કરે તે પેહેલાં તમો તેને તમારા તિરસ્કારરૂપી બાણનો જબરદસ્ત પ્રહાર કરો કે જેથી તમારા તરફ તે જોતાં અટકે ને જેથીજ તમારી પવીત્રતા જળવાય જેણે કરી તમો આ જગતમાં કીર્તિનો અમર સ્તંભ ચણી શકો.

૨૮૧--વળી સંસ્કૃતમા પણ શ્લોક છે કેઃ—

दर्शनात् हरते चितं स्पर्शनात् हरते बलम्
संभोगात् हरते विर्यम नारी प्रत्यक्ष राक्षसी.

અર્થ— સ્ત્રીને જોવાથીજ તે આપણા ચિતને હરણ કરી લેછે તેમ જો તેને સ્પર્શ થાય તો શરીરમાંનું સર્વ બળ ખેંચાઈ જાય છે ને સંભોગ થાય તો વિર્યનો નાશ થાય છે. એવી રીતે આ જગતમાં નારી છે તે પ્રત્યક્ષ રાક્ષસીજ છે.

૨૮૨—વળી કહ્યુંછે કેઃ— **કુંડળીઓ.**

નારે નરકકી ખાન હે, દુરગંધ અંગ અપાર;
એસી ઉનકી દેહમે, જેસો કુંડ ચમાર;
જેસો કુંડ ચમાર જાન કર કેસેં જાવે;
ઉત્તમ મનુષ્યા દેહ, જાનકે નરકે ડુબાવે;
ભીખન કનૈયો બને ઉનસેં હોત હેરાની;
દુરગંધ અંગ અપાર, નાર નરકકી ખાની. ૧

૨૮૩—વળી કહ્યું કેઃ—

દોહરો.

કાનકટી યે જોગણી તીન લોકકું ખાય;
જીવત જાલે કાળજાં, મુવાં નર્ક લે જાય. ૧

जोशी देवजी वि. मूळजीभाई [illegible]टाऊआणी
विराचिते "बाळ भूषण याने बाळ शीक्षक"
नव बावन त्यासी बसें बोध वचने
समाप्त.

છેવટના બે બોલ.

આ પુસ્તક રચવાનો મારો હેતુ કંઈ પૈસા પેદા કરવાનો નથી પણ ફક્ત આર્ય બંધુઓની સેવા બજાવવાનોજ છે.

પુસ્તક જેમ બાળકોને તેમ જુવાનોને સરખાજ ઉપયોગનું છે, તેથી જુવાનોને વાંચવા વધારે ભલામણ કરવામાં આવેછે.

મારા મેહેરબાન ભારતવાસીઓ આ લઘુ નોટ વાંચી તેમાંથી સાર ગ્રહણ કરશો તેમાં રહેલી ભુલચુક કે ખામીને માટે કર્ત્તા વીનવીને અરજ કરેછે કે વાંચકવૃંદોમાંથી તે વિષે જે કોઈ ખામી કે ભુલ સુધારવા જણાવશે તેમનો હું આભારી બનીશ આમાં મેં કંઈ વિદ્વતા ભર્યું લખાણ કર્યુંછે એમ સમજી હું ગર્વિષ્ટ થતો નથી પણ ઉલટો અલ્હાદ પામીને ખુશી થાઉં છું કે હું પામરના હાથથી અલ્પ બુદ્ધિનુસાર લખાયલી નોટને વાંચકોએ સ્વીકારેલ છે તેને માટે હું તેમનો સદાનો આભારી છું ને જો એવી રીતે તેમના તરફ-થી ફરી મને મદદ મળશે તો થોડા વખતમાં વળી બીજા લઘુ ગ્રંથો તૈયાર કરવા માંડયાછે તે રફતે રફતે બ્હાર પાડી શકવા શકિતવાન નીવડીશ, આશા રાખુછું કે તેને માટે પણ મારા પ્રીય હિન્દ વાસીઓ યથાશક્તિ આશ્રય આપશે. "ફુલ નહી તો ફુલની પાંખડી"નો તો અવશ્ય આશ્રય આપશેજ.

આ નોટમાં જે કવીતાઓ છે તેમાં માત્રાઓ, તાળ, વિશ્રામ વિગેરેનું મને પૂર્ણ જ્ઞાન ન હોવા છતાં મેં તે રચી દાખલ કરેલછે તો તેમાં કંઈ ફેરફાર કે સુધારો વધારો કરવાની જરૂર હોય તો તેવું જણાવનાર વિદ્વાન કે અનુભવ લેખકનો હું ઉપકાર માનીશ. વળી મારી મૂળ ભાષા કચ્છી એટલે આ ચોપડીમાં ગૂજરાતી ભાષા લખીછે તેમાં દોષ રહીત માનતો નથી કદાચ

તેમાં કંઈ ભૂલ માલૂમ પડે તો તેને માટે પ્રીય વાંચકો દરગુજર કરશો.

નોટ રચવાનો હેતુ એ છે જે કેળવણી ખાતામાં કેટલીક બુકો ઇનામમાં અપાય છે, તેમાં કુથલી ભરેલા લખાણવાલી ચોપડીઓ અપાય છે જેમાં વાર્તાઓ વિગેરેનો ભાગ વધારે હોય છે; પણ બાળક રત્નોને શીખામણ લેવા યોગ્ય આવું સુબોધ કોઈજ પુસ્તક અપાતું નથી એમ જાણી તે કેળવણી ખાતાના ઈનામમાં વેચાવવા કેટલાક પરિક્ષકો તેને માટે સરસ અભિપ્રાય આપી ને પસંદ કરી વેચાવશે, તો બાળકોને સુજ્ઞાન મળશે. ને હું મારો રચવાનો પરિશ્રમ સફળ થયો સમજીશ.

આ પુસ્તકની કીંમત બે આના રાખવા ધારેલ પણ નાચારીએ વધારે ખર્ચના ચોકડાથી તથા હેન્ડબીલમાં તેનું કદ જણાવ્યા કરતાં વધી જવાથી તથા હેન્ડબીલમાં ગ્રાહકોના નામ દાખલ કરવાનું કબુલ કરેલ નહિ પણ પાછળથી દાખલ કરવા કેટલાક તરફથી ભલામણ થવાથી તેમ કર્યું છે તેથી પણ કદમાં વધારો થયેલ છે. પણ અવલથી થએલ ગ્રાહકોને હેન્ડબીલમાં જણાવેલ કીંમતેજ આપેલ છે, ફક્ત તેમની પાસેથી ટપાલ ખર્ચ લીધું છે જેથી તેમના મનને માઠું લાગશે નહિ, કારણ જાહેર પત્રમાં બોધ વચનોની સંખ્યા જણાવ્યા કરતાં વધેલી છે તે વાંચેથી જણાશેજ.

અમે ઘાસી ગ્રંથકારોની પેઠે પોતાના લખાણના ભૂંગળા ફૂંકી પાછળથી વાંચકોને અળખામણા થવા પ્રથમથીજ પેરવી કરેલ નથી, જે વાંચકો હવે પુસ્તક જોઈને પોતેજ કદર જાણશે.

હવે પછી ત્રણ આના તો પણ સન ૧૮૯૫ના જુન સુધીમાં ખરીદનારને અઢી આને આપીશું

સુજ્ઞ સજ્જનો અહીં સુધી મારી કલમ લંબાવેલ તે હવે બંધ કરવ

રજા લઊંછું. વિદ્યા વિનોદી સજ્જનો હુ નમસ્કાર કરીને ઈશ્વર પાસે તમારા માટે એટલુંજ ચાહુંછું કે તેમને સુબુદ્ધિ આપી પરોપકારી કરશો.

ગ્રંથ સમાપ્તિ—

દોહરા.

આર્ય સુત આ ગ્રંથને, શિખે ધરી વિશ્વાસ;
દેવજી કહે તેની પ્રભુ, પૂરે મનની આશ. ૧

*વર્ણ[૪] ભક્તિ[૯] વસુ[૮] ભૂમીનો[૧], ફેબ્રુઆરી માસ;
તે દિન આરંભી કર્યો, પૂરો ગ્રંથ પ્રકાશ. ૨

ગ્રંથ સમાપ્ત.

માફી—પ્રીય વાંચકો આપ આ મારા અલ્પ બુધિનુંસાર લખાએલ પુસ્તકને તરતમાં બહાર પડેલું જોવાને ઉત્સુકતા ધરાવી આતુર બની રહેલ પણ મારાથી તે કામ બહુ અસુરૂં થયું છે તેને માટે માફ કરસો. કારણ મને કેટલીએક અડચણો નડેલી જે હું જણાવી શકતો નથી તોપણ એટલું જણાવુંછું કે આ પુસ્તકના સંબંધમાં દરેક વખતે કોપી કરવી, પ્રુફો (લખાણ) તપાસવા વિગેરેનું કામ જાતે એકલા હાથે કરવું પડયું છે. જેથી વલી સરત ચુકની પણ મારી માગુંછું.

લી. ગ્રંથ કર્તા,

જોશી દેવજી મુળજીભાઇ ખાટાઉંઆણી;

આર્ય હિતચિંતક.

---

*આ આંકડા ઉથલાવી વાંચવાથી સન ૧૮૯૪ થાયછે.

સીતમ સ્યેતાન ફરેબે અઝાઝીલ રૂા ૦)≡ નકશે શુલેમાની રૂા. ૦)≡ ઇબરતે અફજા રૂા. ૦)≡ સામટો સટ રૂા. ૦ાા=, ટપાલ માફ. સટવાલાને જગજાહેર ચોપાન્યાનો નમુનો મફત, છુટક નકલ પોણી કીંમતે, પોસ્ટેજ રૂ. ૦)૦ાા.

૪ કૃષ્ણદાસના સવૈયાની દશ નકલ સામટી ખરીદનારને દર નકલ ૦)=ાા આપશું. તેમ ટપાલ ફી અર્ધ એટલે એક આનો.

૩ ગુલબારે મુજફ્ફરશાહ રૂા.૦)= નાજની પઠાણનો કિસ્સો રૂા. ૦)≡ શાહજહાં ઔર શાહપરી રૂા. ૦)= સ્ફુટ આર્યા રૂા. ૦)=ાા દ્રૌપદી વસ્ત્રાહરણ રૂા. ૦)= ધૂળાક્ષર રૂા. ૦)=ાા ધ્રુવાખ્યાન રૂા. ૦)= ગુણસુંદરી સતી રૂા. ૦)=ાા દેશી હિસાબ ભાગ ૨જો ૦)= સન ૧૮૬૭નો ૮ મો આકટ રૂા. ૦)=ાા સજ્જનતા મેળવવાનાં સાધન રૂા. ૦)= સુરત જીલ્લાની ભૂગોળ રૂા. ૦)= અઁગ્લો વરનાક્યુલર સ્કૂલ ડાયરી ૦)= સામટો સટ રૂા. ૧, પોસ્ટેજ બે આના. વલી ચાલાક સકરબી ફારસ મફત, છુટક નકલ પોણી કીમતે, પોસ્ટેજ રૂા. ૦)૦ાા.

૬ પાર્થીવપુજા રૂા ૦)-ાા ચાલાક સકરબી ફારસ ૦)-ા સંગીત મદાલસા નાટક રૂા ૦)- વિરસંહ ચંદ્રિકા રૂા ૦)- ગુજરાતનો ઈતિહાસ રૂા. ૦)૦ાા સટનો રૂા ૦ા, ટપાલ મફત, વળી સ્કુલ ડાયરી મફત.

સાહેબો આ સા. સ કર્મ માથે વોહોરી લેવા એજ સબબ છે કે ભલા એથી આર્ય બાંધવોમાં લાભની લાલચે વાંચન શોખ વધે વળી ઈચ્છા હશે ને પૂર્ણ મેહેરબાની રહેશે તો એથીએ વધારે દુર્ઘટ કાર્ય કરવા ઉત્સાહથી ઊંડયો રહીશ.

સૂચના--આઠ આના કરતાં ઓછી કીંમતની કોઈ પણ ચોપડીની

છુટક નકલ મંગાવવી હોય તો તેટલીજ કીંમત તથા પોસ્ટેજ સુદ્ધાં ટીકેટ આગળથી મોકલવી.

અમારે ત્યાં દરેક જાતની ગૂજરાતી શાળોપયોગી ચોપડીઓ જેવી કે પહેલી, બીજી, છે, તથા અથોં, ધોરણની નોટો, ભૂગોળો ઈતિહાસો વીગેરે મળી શકશે માટે મંગાવી ખાત્રી કરો.

ગ્રંથકારો તથા વૈદ્યોને ચેતવણી--જેઓ પોતાનાં પુસ્તક તથા દવા વેચવા માટે અમને એજંટ રાખવા મરજી જણાવશે તેમની પાસેથી યોગ્ય કમીશન લઈ તે કામ કરવામાં આવશે. માટે પત્રદ્વારાએ અગર રૂબરૂ-માં મળી બંદોબસ્ત કરવો, જવાબ માટે રીપ્લાઈ કાર્ડ અથવા જવાબની ટીકેટ મોકલવી નહિ તો ખુલાસો નહિ થશે. નૉટપેડ પત્ર લેવામાં આવશે નહિ.

લી૦ સેવક

જોશી દેવજી વિ મૂળજીભાઈ ખાટાઉઆણી આર્યહિતચિન્તક.

બુક સેલર અને કમીશન એજંટ

નારાયણસરોવર કચ્છ તાલુકે લખપત.

અગાઉ ગ્રાહક થઈ આશ્રય આપનાર વિદ્યા વિનોદી સદ્ગૃહસ્થોના નેક અમર નામોની નોંધ.

કચ્છ નારાયણ સરોવર.

નકલ.	નામ.
૫૦	નેકનામ પુજ્ય બ્રહ્મચારીજી શ્રી વલ્લભદાસજી
૧૮	રા. સોમપુરા બ્રાહ્મણ દવે હરીશંકર કાનજી
૧૫	મે. રા. રા. મુરબ્બી બાલાશંકર કાશીરામ કારભારી
૯	રા. મોહનલાલ બાલાશંકર નારાયણસરોવર જાગીરના ચીટનીસ
૯	રા. જોસી વેલજી વિ. મૂરાજ
૮	મે. રા. રા. મુ. જોશી મોનજી ખીમજી વકીલ
૫	મે. રા. રા. મુ. માસ્તર મગનલાલભાઇ હરગોવિંદ
૫	રા. લવજી વિ. મોહનજી જોશી
૫	રા. જોશી અંબારામ ખેરાજ કોટેશ્વર જાગીરના કારભારી
૫	રા. જોશી ખેતસી પીતાંબર કોટેશ્વર જાગીરના કારભારી
૨	રા. સાચોરા નથુભાઈ હરીકૃષ્ણ
[redacted]	મેતા ભવાનીદાસ નથુ ડીસ્પેનસરીના કમ્પોન્ડર
૨	રા. ઠકર ગોકલદાસ છબા ,, ડ્રેસર
૨	રા. રાજગોર શ્યામજી વિ. લધા
૨	રા. સાચોરા કાળીદાસ લાલજી
૨	રા. સાધુ હરીદાસ દ્વારકાદાસજી

નકલ. નામ.

૨ રા. પેહલા મોનીટર પ્રભાશંકર ટોપણ

૨ રા. સોની ખીમજી ઉમરસી

૨ રા. ઠકર વેલજી ધનજી

૨ રા. આચારજ કેશવજી રણછોડ

૨ રા. વાળંદ ગોવીંદજી ખેતસી

૧ રા. બીજા મોનીટર જોશી હીરજી કરમસી

૧ રા. ઠક્કર નરસી જેઠુ

૧ રા. પણીઆ પીતાંબર શામજી

૧ રા. રાજગોર માધવજી વાલજી

૧ રા. સોમપુરા બ્રાહ્મણ દવે અમરજી કલ્યાણજી

૧૫૭

ભૂજનગર.

૫૦ નેકનામ સદા મેહેરબાન રા. રા. છોટાલાલ સેવકરામ હજુર સેક્રેટરી સાહેબ

૨૫ મે. પુજ્ય અધીકારી શ્રી બીહારીદાસજી

૧ રા. માવજી કાનજી મેહેતા બી. એ. ફર્સ્ટ આ. હાઈસ્કૂલ

૧ રા. મોરારજી વેલજી આ. મા. હાઈસ્કૂલ

૧ રા. ગંગારામ જેઠા

૧ રા. મેહેતા વિઠ્ઠલજી શામજી

૧ રા. મેહેતા લક્ષ્મીદાસ લાલજી ઈજનેર હૉરીસ ક્લાર્ક

૧ રા. મેહેતા ઈશ્વરલાલ લક્ષ્મીદાસ

નકલ. નામ.

૧ રા. શા હીરજી વીસનજી
૧ રા. મેતા ગણુપતરામ વિ. જેઠાભાઇ
૧ રા. નરભેરામભાઈ વેલજી
૧ રા. ઠકર લખમસી વિ. કરમસી નાજરખાતાના સીરસ્તેદાર
૧ રા. હરીલાલ રામજી
૧ રા. મેતા જટાશંકર નથુ

૮૭

જખૌ બંદર—કચ્છ.

૧૪ મે. રા. રા. મોરારજીભાઇ રાઘવજી વેવટદાર સાહેબ માર્ફત
૨ સાહેબ મજકુરની
૧ રા. ગંગાશંકર અંબારામ
૧ રા. રેવાશંકર અંબારામ
૧ રા. જગજીવન જશરાજ
૧ રા. કુંવરજી લધા
૧ રા. લાલજી વિ. ભવાનીદાસ
૧ રા. રાજગોર કુંવરજી પ્રાગજી
૧ રા. પટેલ પ્રેમજી મેઘજી
૧ રા. ઠકર વલભજી શામજી કોસાના મુ
૧ રા. મેતા માવજી લાલજી
૧ રા. મેતા વેલજી વિ. કલ્યાણજી

નકલ. નામ.

૧ રા. મેતા મોતીચંદ રવજી
૧ રા. મેતા જેઠાલાલ જાદવજી

૧૪

૧૦ રા. મેહતા કાશીરામ વિ. વજેશંકર ધર્માઉ લાગાના એજંટ
૯ રા. રતનસી મોરારજી ફર્સ્ટ આસિસ્ટન્ટ
૯ રા. શાહ દેવજી વિ. ચત્રભોજ
૯ રા. શાહ પ્રેમજી મેઘજી પટેલ
૫ રા. પટેલ પુરૂષોત્તમ દામજી મેહતા
૪ રા. બેહેચરભાઈ નારાણજી સ્કૂલ માસ્તર

૬૦

સિંધ કરાંચી બંદર.

૧૦ મી. તુલસીદાસ જાદવજી લાખાણી
૨ રા. જાદવજી દેવચંદ જોશી
૨ રા. જોશી ઠાકરસી ઉમરસી
૨ રા. જોશી હરજી ભવાનજી
૨ રા. જોશી દેવજી પારપ્યા
૨ રા. જોશી લાલજી આણંદ
૧ રા. જોશી ખીમજી ઉમરસી
૧ રા. જોશી ત્રીકમ તુલસીઆ

નકલ.	નામ.
૧	રા. ઠક્કર લખમસી વિ. વેલજી
૧	રા. સોની ટોકરશી પુંજા
૧	રા. જોશી ડોશા ધારસી
૧	રા. માહારાજ પુરનદાસ શાંત ભગત
૨૬	

મુંબઇ બંદર.

૫	રા. શેઠ દારાશા ર. મજગર
૨	રા. ગોપાલજી. કલ્યાણજી દેલવાડાકર
૧	રા. મી. જીવરામ નાગજી દેલવાડાકર
૧	રા. મી. માંજુબાઇ અ. ત્રવાડી
૯	

નલીયા–કચ્છ.

૪	રા. ડૉકટર મણીશંકર ગોકલજી હાથી
૨	રા. ભવાનીશંકર મોરારજી સ્કૂલ માસ્તર
૬	

બિદડા કચ્છ.

૭	રા. શા. ટોકરશી વિ. ધનજી
૩	રા. માસ્તર સુંદરજી મેઘજી
૧૦	

નકલ. નામ.

સાભરાઈ કચ્છ.

૧૩ મે. રા. સ્કૂલ માસ્તર દામોદર દેવજી મારફત
૨ તેમની પોતાની
૧ રા. વેલજી મેંકા
૧ રા. કૃષ્ણદાસ મૂળજી
૧ રા. તેજમાલજી માનસંગજી
૧ રા. ઇસા આમદ
૧ રા. જેઠા ગોવિંદજી
૧ રા. દાજીભા ગોવિંદજી
૧ રા. શીવજી ભાવડ
૧ રા. મૂળવાજી ગોડજી
૧ રા. વીરજી લાલજી
૧ રા. હરીલાલ દામોદર
૧ રા. મૂળજી પુંજા

૧૩

તેરા કચ્છ.

૨ રા. સોની નારાણ નેણશી
૨ રા. શેઠ જેઠમલ નારાણજી કારબારી
૧ રા. મુનસી સિલેમાન હબીબ તેરા વાકફીનેર
૧ રા. જોશી વાલજી કુંવરજી

પ્રત નકલ. નામ.

૧ રા. ઠકર ગોપાલજી પ્રાગજી

૭

કોટડો-રોહા-કચ્છ.

૨ રા. કોઠારી ઠકર હરીરામભાઈ વાલજી

બિદ્દા કચ્છ.

૨ રા. વકીલ જોશી સ્યામજી હરીરામ

ભીમપુરા આમોદ (ગુજરાત)

૯ રા. સ્કૂલ માસ્તર ચુનીલાલ નાનાભાઈ

લખપત કચ્છ.

૯ રા. તાલુકા સ્કૂલ માસ્તર ખટાઉ વિ. લધુભાઈ

ગાગોદર-કચ્છ (વાગડ)

૨ રા. જાની કેશવજી મોનજી સ્કૂલ માસ્તર

સુરત બંદર

૧ રા. ગુલાબદાસ દયારામ મેહેતા બુક-સેલર

ઉમેટા ગૂજરાત.

૧ રા. ઠકર કુબેર જગજીવનદાસ

ખોંભડી-કચ્છ.

૧ રા. જાડેજા ભોજરાજજી હાંયાંજી

નકલ. નામ.

સુથરી કચ્છ.

૧ રા. ત્રીકમદાસ વલભજી કથાભટ

કપુરાસી-કચ્છ.

૧૦ રા, જોસી લધા સુરજી

પાછળથી મળેલ.

ભુજનગર.

૧ રા. ડા. દયારામ વિ. ડુંગરશી ટોપણ લખપત પ્રગણાના વેકશીનેટર

૧ રા. સુમરા ભચુમિયાં સાલેમહમદ

મુંદ્રા કચ્છ.

૧૦ રા. સ્કૂલ માસ્તર મેઘજી જુડા

કચ્છ માંડવા બંદર.

૧ રા. ડોકટર રવજીભાઈ જાદવજી

કચ્છ રાપર (વાગડ)

૧ રા. ગ્રુ માધવજી લાલજી

૧ રા. ગુરજી રતનસી ગુમાન વીજયજી

૧ રા. માનજી વિ. નથુ ડીસ્પેનસરીના કમ્પાઉન્ડર

માતાજીનો મઢ.

૨ રા. કાપડી ગંગારામ શામજી

જામનગર.

૨ રા. આરબ મહમદ સાલમ.

એકંદર નકલ ૪૩૩

વિજ્ઞપ્તિ.

સુજ્ઞ સજ્જન વાંચક વૃંદોને મારી નમ્રતા પૂર્વક ભલામણ છે કે જેઓ મારા આ પુસ્તકને વાંચવા માટે ઉત્સુકતા ધરાવશે તેમને બહુજ કીફાયત ભાવે આપીશું. આ પુસ્તક રચવાનો મારો હેતુ કંઈ પૈસા કમાવાની લલુતા-ની ફક્ત આર્યોના હિતને ખાતર તેમની સેવામાં મુકું છું જેની ખાત્રી મારા અનુભવી બાંધવો જાણી શકશે. એટલે આ જગાએ તે જણાવવું હું યોગ્ય સમજતો નથી.

કમીશન દશ અને દશ ટકા તથા પંદરે પંદર તથા તે ઉપરાંત વીશ ટકા એ આપવામાં આવશે.

મારાં રચિત પુસ્તકો.

બાળ ભૂષણ યાને બાળ શિક્ષક રૂ. ૦—૩—૦ ટપાલ માફ.

સંપૂર્ણ રામકથા સંગ્રહ ,, ૧—૦—૦ (હવે છપાશે.)

આ પુસ્તક મળવાનાં ઠેકાણાં

કચ્છ **નારાયણસરોવર**—ખુદ કર્તા પાસેથી.

,, **જખૌ બંદર**—જોશી રતનશી મોરારજી ફર્સ્ટ આ. માસ્તર.

,, **સુથરી** શેવક જોશી લક્ષ્મીદાસ સુંદરજી.

આમોદ ને ભીમપુરા — બુકસેલર તથા ભીમપુરાના મેહેતાજી રા. ચુનીલાલ નાનાભાઈ ખંભાતી. તથા ત્રીભોવનદાસ વીઠલભાઈ.

સુરત—એમ. જે. પોરટવાળા ખોદાબક્ષ પ્રેસ નાણાવટમાં.

કરાચી બંદર—ટી. જે. લાખાણી કે. ડી. જે સિંધ કોલેજ

,, નારદવજી દેવચંદ જોશી કન્સોહોલ પાસે.

પંડિત જેષ્ઠારામ મુકુંદજી, ઠે૦ કાલકા દેવી રોડ પર એમની પોતાની બુક ડીપોમાં.

લી૦ ગ્રંથ કર્તા.

જાહેર ખબર.

કરાંચીવાળા મી. તુલસીદાસ જા. લા. કૃત હિન્દુસ્તાનની ભૂગોળવિદ્યા કન્યાઓને બક્ષીશ મળે માટે નીચે જણાવ્યા પ્રમાણે હેડીંગવાળું લખાણ કર્તા તરફ કોઈપણ કન્યાશાળાનાં હેડમીસ્ટ્રેસની સહીથી જશે તો તરફથી મજકુર ભૂગોળની નકલો મળી શકશે.

કર્તાનું શીરનામું—**મી. તુલસીદાસ જાદવજી લાખાણી,**
ઠેકાણું–ડી. જે. સિંધ કોલેજ અથવા ઠકર લીલાધર હેમરાજની દુકાન
ખારાધર, **મુ. કરાંચી બંદર.**

તા. મી. માહે સને ૧૮

મી. તુલસીદાસ,

હું નીચે સહી કરનાર ખાતરી પૂર્વક લખી જણાવું છું કે નીચે જ. પ્રમાણે કન્યાઓ આ કન્યાશાળામાં ચોથા ધોરણનો અભ્યાસ કરેછે, માટે આપની રચેલ હિન્દુસ્તાનની ભૂગોળવિદ્યા બક્ષીશ મોકલાવ કરશો. સદરહુ ભૂ. વિ. ના પોસ્ટ ખર્ચ સારૂ અર્ધાઆનાવાળી (નંગ પોસ્ટની ટિકિટો મોકલી છે જે પહોંચ્યાથી સદરહુ ભૂગોળની પ્રત મોકલાવશો એવી આશા છે.

જનરલ રજી-સ્ટર નંબર	નામ.	ભણનાર કન્યાઓની ર નંબર વાર.